Thursday
20.08.2026
*Volume :11 * Issue No.47
*Email.: kamalamgujarat@gmail.com
*www.kamalamgujarat.com
*Editor :Mahesh N. Patel:- (98249 10606)

જય જય ગરવી ગુજરાત | વંદે માતરમ્ | RNI No.:GUJGUJ/2016/73451

# કમલમ્

KAMALAM | ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક | Daily

*Office: A-3, Plot No. R - 13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 *Page :04*Rs. 00.25/- *Annual Rs. 90/-

# કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી શ્રી અમિત શાહ ૨૦ ઓગસ્ટ ૨૦૨૬ના રોજ તમિલનાડુના મહાબલીપુરમ ખાતે દક્ષિણ ઝોનલ કાઉન્સિલની ૩૧મી બેઠકની અધ્યક્ષતા કરશે

**પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ સહકારી સંઘવાદના આધારે દેશ માટે 'ટીમ ભારત'ના વિઝનની કલ્પના કરી છે અને ઝોનલ કાઉન્સિલ આ દિશામાં મહત્વપૂર્ણ યોગદાન આપી રહી છે**



## મજબૂત રાજ્યો મજબૂત રાષ્ટ્રનું નિર્માણ કરે છે તેવી ભાવના સાથે, ઝોનલ કાઉન્સિલો બે કે તેથી વધુ રાજ્યો અથવા કેન્દ્ર અને રાજ્યોને અસર કરતા મુદ્દાઓ પર સંવાદ અને ચર્ચા માટે એક વ્યવસ્થિત પદ્ધતિ તથા મહત્વપૂર્ણ મંચ પ્રદાન કરે છે

કમલમ્,

કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી શ્રી અમિત શાહ ૨૦ ઓગસ્ટ ૨૦૨૬ના રોજ તમિલનાડુના મહાબલીપુરમ ખાતે દક્ષિણ ઝોનલ કાઉન્સિલ (SZC) ની ૩૧મી બેઠકની અધ્યક્ષતા કરશે. સધર્ન ઝોનલ કાઉન્સિલમાં આંધ્રપ્રદેશ, કર્ણાટક, કેરળ, તમિલનાડુ અને તેલંગાણા રાજ્યો તેમજ પુડુચેરી, અંદમાન અને નિકોબાર દ્વીપસમૂહ અને લક્ષદ્વીપ કેન્દ્રશાસિત પ્રદેશોનો સમાવેશ થાય છે. રાજ્ય પુનર્ગઠન અધિનિયમ, ૧૯૫૬ની કલમ ૧૫ થી ૨૨ હેઠળ સધર્ન ઝોનલ કાઉન્સિલ સહિત પાંચ ઝોનલ કાઉન્સિલની સ્થાપના કરવામાં આવી છે. કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી શ્રી અમિત શાહ દક્ષિણ ઝોનલ કાઉન્સિલના અધ્યક્ષ છે અને તમિલનાડુના મુખ્યમંત્રી શ્રી સી. જોસેફ વિજય તેના ઉપાધ્યક્ષ છે. સભ્ય રાજ્યોના મુખ્યમંત્રીઓ રોટેશન ધોરણે કાઉન્સિલના ઉપાધ્યક્ષ તરીકે સેવા આપે છે. આ ૩૧મી બેઠકનું આયોજન ભારત સરકારના ગૃહ મંત્રાલયના આંતર-રાજ્ય પરિષદ સચિવાલય દ્વારા તમિલનાડુ સરકારના યજમાનપદ હેઠળ કરવામાં આવી રહ્યું છે. તેમાં દક્ષિણ ક્ષેત્રના સભ્ય રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના મુખ્યમંત્રીઓ/ઉપરાજ્યપાલો/વહીવટકર્તાઓ અને દરેક રાજ્યના બે વરિષ્ઠ મંત્રીઓ ભાગ લેશે. રાજ્યોના મુખ્ય સચિવો/સલાહકારો અને અન્ય વરિષ્ઠ અધિકારીઓ તેમજ કેન્દ્ર સરકારના વરિષ્ઠ અધિકારીઓ પણ આ બેઠકમાં ભાગ લેશે. ઝોનલ કાઉન્સિલે મુખ્ય સચિવોના સ્તરે એક સ્થાયી સમિતિ (સ્ટેન્ડિંગ કમિટી) ની પણ રચના કરી છે. રાજ્યો દ્વારા પ્રસ્તાવિત મુદ્દાઓ ઝોનલ કાઉન્સિલની સ્થાયી સમિતિ સમક્ષ ચર્ચા માટે રજૂ કરવામાં આવે છે અને ત્યાં વિચાર-વિમર્શ બાદ બાકી રહેલા મુદ્દાઓ ઝોનલ કાઉન્સિલની બેઠકમાં વિચારણા અર્થે મૂકવામાં આવે છે. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ સહકારી સંઘવાદના આધારે દેશ માટે 'ટીમ ભારત' (TEAM BHARAT) ના વિઝનની કલ્પના કરી છે અને ઝોનલ કાઉન્સિલ આ દિશામાં મહત્વપૂર્ણ યોગદાન આપી રહી છે. આ પરિષદો એવા વિશ્વાસ પર કામ કરે છે કે મજબૂત રાજ્યો જ મજબૂત રાષ્ટ્રનું નિર્માણ કરે છે. તે બે કે તેથી વધુ રાજ્યો — અથવા કેન્દ્ર અને રાજ્યો — ને અસર કરતા મુદ્દાઓ પર સંવાદ અને ચર્ચા માટે એક સંરચનાત્મક પદ્ધતિ પૂરી પાડે છે, જેથી પરસ્પર સહયોગને પ્રોત્સાહન આપવા માટે એક પ્લેટફોર્મ તરીકે સેવા આપી શકાય. પીએમ મોદીના નેતૃત્વમાં, ઝોનલ કાઉન્સિલની બેઠકો સંવાદ દ્વારા ઉકેલો શોધવા માટેના એક શક્તિશાળી મંચ તરીકે ઉભરી આવી છે. ઝોનલ કાઉન્સિલની ભૂમિકા સલાહકારી પ્રકૃતિની છે. જોકે, છેલ્લા કેટલાક વર્ષોમાં આ પરિષદો વિવિધ પ્રદેશોમાં પરસ્પર સમજણ અને સહયોગના તંદુરસ્ત સંબંધોને પ્રોત્સાહન આપવામાં એક મહત્વપૂર્ણ પરિબળ સાબિત થઈ છે. તમામ રાજ્ય સરકારો, કેન્દ્રીય મંત્રાલયો અને વિભાગોના સહયોગથી, જૂન ૨૦૧૪ થી અત્યાર સુધીના છેલ્લા આશરે ૧૨ વર્ષોમાં વિવિધ ઝોનલ કાઉન્સિલ અને તેમની સ્થાયી સમિતિઓની કુલ ૬૯ બેઠકો યોજાઈ છે. ઝોનલ કાઉન્સિલ કેન્દ્ર અને સભ્ય રાજ્યો/કેન્દ્રશાસિત પ્રદેશો વચ્ચે, સભ્ય રાજ્યો/કેન્દ્રશાસિત પ્રદેશો વચ્ચે અને પ્રદેશની અંદર મુદ્દાઓ તથા વિવાદોના ઉકેલ લાવવા અને તેના પર પ્રગતિ કરવા માટે એક ઉત્કૃષ્ટ મંચ પૂરું પાડે છે. આ પરિષદો રાષ્ટ્રીય મહત્વના વ્યાપક મુદ્દાઓ પર પણ ચર્ચા કરે છે, જેમાં મહિલાઓ અને બાળકો સામેના રેપના કેસોની ઝડપી તપાસ અને ઝડપી પતાવટ માટે ફાસ્ટ ટ્રેક સ્પેશિયલ કોર્ટ્સ (FTSCs) ના અમલીકરણ તેમજ શિક્ષણ સંબંધિત મુદ્દાઓનો સમાવેશ થાય છે. આ ઉપરાંત, પ્રાદેશિક સ્તરે સામાન્ય રસ ધરાવતા વિવિધ મુદ્દાઓ જેવા કે આંધ્રપ્રદેશ પુનર્ગઠન અધિનિયમ સંબંધિત મુદ્દાઓ, જળ વહેંચણી સંબંધિત મહત્વપૂર્ણ પ્રોજેક્ટ્સને લગતા મુદ્દાઓ, પ્રધાનમંત્રી આવાસ યોજના (ગ્રામીણ), નાગરિક ઉડ્ડયન સંબંધિત મુદ્દાઓ અને અન્ય ઘણા મુદ્દાઓ પણ આવરી લેવામાં આવે છે.

**પીએમ મોદીના નેતૃત્વમાં, ઝોનલ કાઉન્સિલની બેઠકો સંવાદ દ્વારા ઉકેલો મેળવવા માટેનું એક મજબૂત મંચ બની છે**

**મુખ્યમંત્રીશ્રી યુ.એસ. પ્રવાસ ત્રીજો દિવસ**

# મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ અને ગુજરાત ડેલિગેશને માઈક્રોન અને ગુગલની મૂલાકાત લીધી



**ગુગલ યુવા કૌશલ્ય – શિક્ષકો અને વિદ્યાર્થીઓ માટે AI ટ્રેનિંગ-કૃષિમાં પાક પેટર્ન – સોઈલ એન્ડ ક્લાયમેટ-ડેટા સિક્યુરિટી માટેના ક્ષેત્રોમાં ગુજરાત સાથે કાર્યરત થવા ઉત્સુક**



કમલમ્,

મુખ્યમંત્રીશ્રી સાથે આ ઉપરાંત પર્પ્લેક્સિટી AIના સી.ઈ.ઓ. શ્રી અરવિંદ શ્રીનીવાસે વન ટુ વન બેઠક તેમજ સિલીકોન વેલીના ધ ઈન્ડસ એન્ટરપ્રેન્યોર્સ TiEના સભ્યોની બેઠક પણ યોજાઈ હતી. માઈક્રોનના ચેરમેન શ્રી સંજય મહેરોત્રાએ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે માઈક્રોનને સાણંદ ફેસેલિટી માટે ૨૦ એકર જમીનની માત્ર એક જ દિવસમાં આપેલી મંજૂરી માટે આભાર વ્યક્ત કર્યો હતો. માઈક્રોન યુનિટનું સફળ વ્યાપારી ઉત્પાદન ત્વરાએ શરૂ થઈ શકે તે માટે રાજ્ય સરકારના પ્રો-એક્ટીવ અભિગમને પણ શ્રી મહેરોત્રાએ વિરદાવ્યો હતો. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ફેબ્રુઆરી-૨૦૨૬માં સાણંદ ખાતે માઈક્રોન સેમિકંડક્ટર ફેસેલિટીનો પ્રારંભ કરાવ્યો તેની સ્મૃતિ તાજી કરી હતી. તેમણે જણાવ્યું કે, વડાપ્રધાનશ્રીની વિઝનરી લિડરશીપમાં ગુજરાતના સાણંદ અને ધોલેરા સેમિકન્ડક્ટર ફેસેલિટી પ્લાન્ટના મુખ્ય કેન્દ્રો તરીકે પ્રથાપિત થઈ રહ્યા છે. ગુજરાત પ્રતિનિધિ મંડળે ગુગલની મૂલાકાત લઈને ત્યાંની ગતિવિધિઓની વિસ્તૃત જાણકારી પણ મેળવી હતી. આ મૂલાકાત દરમિયાન ગુગલના વાઈસ પ્રેસિડેન્ટ શ્રીયુત ચંદુ થોટાએ ખાસ કરીને યુવા કૌશલ્ય, શિક્ષકો અને વિદ્યાર્થીઓએ માટે AI તાલીમ તેમજ કૃષિમાં પાક પેટર્ન, ક્લાઈમેટ એન્ડ સોઈલ માટે AIના ઉપગયોગના ક્ષેત્રોમાં ગુજરાત સાથે કામ કરવામાં ઉત્સુક્તા દર્શાવી હતી એટલું જ નહિ, તેમણે ડેટા સિક્યુરિટી માટે ગુગલ વર્કપ્લેસ સુવેરિન AIના ઉપયોગ માટે પણ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ અને ગુજરાત ડેલિગેશનના વરિષ્ઠ અધિકારીઓ સાથે વિચાર વિમર્શ કર્યા હતા. મુખ્યમંત્રીશ્રીએ પર્પ્લેક્સિટીના સી.ઈ.ઓ. શ્રી અરવિંદ શ્રીનિવાસ સાથે જે વન ટુ વન બેઠક યોજી હતી તેમાં ચર્ચાઓ દરમિયાન ગુજરાતમાં એન્જીન્યરીંગ અને રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ માટે પર્પ્લેક્સિટીની પ્રેઝન્સ સ્થાપવાની સંભાવનાઓ અંગે ચર્ચા-વિચારણા કરી હતી. શ્રી અરવિંદ શ્રીનિવાસે ગુજરાતમાં ડેટા સેન્ટર સેટઅપ અથવા ડેવલપર અને પર્પ્લેક્સિટી વચ્ચે હાઈબ્રીડ સેટઅપની દિશામાં પણ રસ દાખવ્યો હતો. આ ઉપરાંત ધી ઈન્ડસ એન્ટરપ્રેન્યોર્સ TiEના સભ્યો સાથે પણ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલની એક બેઠકનું આયોજન કરવામાં આવ્યુ હતું સિંદુ ક્ષેત્રમાં મૂળ ધરાવતા સફળ ઉદ્યોગ સાહસિકો, કોર્પોરેટ એક્ઝિક્યુટીવ્સ અને સિનિયર પ્રોફેશનલ્સના ગ્રુપ દ્વારા ૧૯૯૨માં સિલીકોન વેલીમાં આ ધી ઈન્ડસ એન્ટરપ્રેન્યોર્સ TiEની સ્થાપના કરવામાં આવેલી છે. TiEના સભ્યોએ ગુજરાતમાં આરોગ્ય સંભાળ, આરોગ્ય સંભાળ ક્ષેત્રના કાર્યકરોની તાલીમ અને વિવિધ AI ટુલ દ્વારા યુથ સ્કિલીંગના ક્ષેત્રોમાં આગળ વધવામાં રસ દાખવ્યો હતો. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ સાથે આ મૂલાકાતોમાં મુખ્ય સચિવ શ્રી એમ.કે.દાસ અને રાજ્ય સરકારના વરિષ્ઠ સચિવો તથા પ્રતિનિધિમંડળના સભ્યો પણ જોડાયા હતા.

# ગાંધીનગર ખાતે 'બ્રિકસ યુથ સમિટ'નો નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીની ઉપસ્થિતિમાં પ્રારંભ

**યુવાનો માત્ર ભવિષ્ય નથી, પણ દેશનો મજબૂત વર્તમાન અને સૌથી મોટી શક્તિ છે: શ્રી હર્ષ સંઘવી**




નાયબ મુખ્યમંત્રીશ્રી

- ગુજરાતે ચરખાથી લઈને ગિફ્ટ સિટી અને સેમિકન્ડક્ટરથી લઈને સ્પેસ ટેક્નોલોજી સુધીની અભૂતપૂર્વ સફર ખેડી
- ગુજરાતની પુનઃપ્રાપ્ય ઊર્જા ક્ષમતા ૩૩.૩૯ ગીગાવાટને પાર
- ૧૧ દેશોના યુવા પ્રતિનિધિઓ સરદાર પટેલની વિરાટ પ્રતિમા 'સ્ટેચ્યુ ઓફ યુનિટી'ની મુલાકાત લેશે





**'ફ્રેન્ડ્સ ઓફ માય ભારત' પોર્ટલ લોન્ચ અને 'ડિજિટલ કોમ્પેન્ડિયમ ઓફ વોલન્ટિયરિંગ પ્રેક્ટિસીસ'નું વિમોચન કરાયું**

કમલમ્,

ગાંધીનગર ખાતે આયોજિત "બ્રિક્સ યુથ સમિટ અને બ્રિક્સ યુથ કાઉન્સિલ"ના શુભારંભ સમારોહમાં મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહેલા નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીએ વિશ્વભરમાંથી આવેલા યુવા પ્રતિનિધિઓને ગુજરાતમાં આવકારો આપી પ્રેરણાદાયી સંબોધન કર્યું હતું. આ પ્રસંગે તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે, યુવાનો માત્ર રાષ્ટ્રનું ભવિષ્ય જ નથી, પરંતુ દેશનો મજબૂત વર્તમાન અને સૌથી મોટી શક્તિ છે. સમારોહને સંબોધતા શ્રી હર્ષ સંઘવીએ જણાવ્યું કે, બ્રિક્સ રાષ્ટ્રો વિશ્વની કુલ વસ્તીના ૪૯.૫ ટકા અને વૈશ્વિક GDPમાં અંદાજે ૪૦ ટકા હિસ્સો ધરાવે છે. આ દેશોની અડધાથી વધુ વસ્તી ૩૫ વર્ષથી ઓછી ઉંમરની છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ યુવા શક્તિને રાષ્ટ્ર શક્તિમાં બદલવા માટે શરૂ કરેલા અભિયાનનું કેન્દ્ર ગુજરાત છે. ગુજરાતની વિકાસયાત્રાનો ઉલ્લેખ કરતા તેમણે કહ્યું કે, ગુજરાતે ચરખાથી લઈને ગિફ્ટ સિટી અને સેમિકન્ડક્ટરથી લઈને સ્પેસ ટેક્નોલોજી સુધીની અભૂતપૂર્વ સફર ખેડી છે. ટેક્નોલોજી આધારિત વિકાસ વચ્ચે પણ ગુજરાત પોતાની વિરાસતને ભૂલ્યા વગર આકાશ આંબી રહ્યું છે. શ્રી સંઘવીએ કહ્યું હતું કે, ગુજરાત સરકારે યુવા સાહસિકો માટે 'ગુજરાત STI પોલિસી ૨૦૨૬-૩૧' લોન્ચ કરી છે, જે અંતર્ગત રૂ. ૧,૦૦૦ કરોડનું ઈનોવેશન ફંડ ફાળવવામાં આવ્યું છે. આ ફંડ દેશ અને વિદેશના તમામ યુવા ઉદ્યોગસાહસિકો માટે ઉપલબ્ધ છે. શ્રી સંઘવીએ ગુજરાતના યુવા સ્વિમર આરુષ વણઝારાની સંઘર્ષગાથાનું ઉદાહરણ આપતા કહ્યું કે, સાંભળી ન શકતા હોવા છતાં, બઝરનો અવાજ સાંભળ્યા વિના જ આરુષે નેશનલ રેકોર્ડ બનાવ્યો છે. શ્રી સંઘવીએ યુવાનોને શીખ આપી કે મુશ્કેલીઓ તમારી ઓળખ ન બનવી જોઈએ, પરંતુ તેને અવગણીને આગળ વધવું એ જ સાચી સફળતા છે. આજે 'વર્લ્ડ હ્યુમેનિટેરિયન ડે' અને આવતીકાલે 'અક્ષય ઊર્જા દિવસ'ના સંયોગને ટાંકીને તેમણે જણાવ્યું કે, આજનો વિકાસ આગામી પેઢીના પર્યાવરણના ભોગે ન હોવો જોઈએ. આજે ગુજરાતની પુનઃપ્રાપ્ય ઊર્જા ક્ષમતા ૩૩.૩૯ ગીગાવાટને પાર કરી ગઈ છે, જે રાજ્ય સરકારના મક્કમ નિર્ધારનું પરિણામ છે. સમિટના ભાગરૂપે યુવા પ્રતિનિધિઓ કેવડિયા ખાતે વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા 'સ્ટેચ્યુ ઓફ યુનિટી'ની મુલાકાત લેશે. સરદાર વલ્લભભાઈ પટેલે માત્ર ૧૮ મહિનામાં ૫૬૨ રજવાડાઓને એક કરીને અખંડ ભારતનું નિર્માણ કર્યું હતું, જેની ગાથા આ યુવાનો જાણશે. આ તકે તેમણે યુવાનોને સ્થાનિક આદિવાસી ભોજનનો સ્વાદ માણવા અને ભારતની વિવિધતાનો અનુભવ કરવા પણ અનુરોધ કર્યો હતો. અંતમાં, શ્રી સંઘવીએ યુવાનોને આ સમિટ દ્વારા માત્ર સંપર્કો જ નહીં, પરંતુ સીમાઓથી પર જઈને મજબૂત મિત્રતા કેળવવા અને એક ટકાઉ ભવિષ્ય માટે સાથે મળીને કામ કરવા શુભેચ્છા પાઠવી હતી.

આ શુભારંભ સમારોહમાં કેન્દ્રીય યુવા બાબતો અને રમત-ગમત રાજ્ય મંત્રી શ્રીમતી રક્ષા ખડસે દ્વારા પણ પ્રાસંગિક સંબોધન કરીને યુવાશક્તિને પ્રોત્સાહન પૂરું પાડવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમ દરમિયાન 'ફ્રેન્ડ્સ ઓફ માય ભારત' પોર્ટલ લોન્ચ કરવામાં આવ્યું હતું અને 'ડિજિટલ કોમ્પેન્ડિયમ ઓફ વોલન્ટિયરિંગ પ્રેક્ટિસીસ'નું વિમોચન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સાંસદ શ્રી હેમાંગ જોષી, ગુજરાતના કાર્યકારી મુખ્ય સચિવ ડૉ. અંજુ શર્મા, ભારત સરકારના યુવા કાર્યક્રમ અને રમત-ગમત મંત્રાલયના અધિક સચિવ શ્રી નિતેશ કુમાર મિશ્રા સહિતના ઉચ્ચ અધિકારીશ્રીઓ, બ્રિક્સના યુવા પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા.

## તંત્રી સ્થાનેથી......

ભારત સરકારના 'ડિજિટલ ઈન્ડિયા' વિઝન અને નાગરિકો માટે 'ઈઝ ઓફ લિવિંગ' (સરળ જીવનશૈલી) વધારવાની કટિબદ્ધતાને અનુરૂપ, નેશનલ હાઈવે ઓથોરિટી ઓફ ઈન્ડિયા (NHAI) એ દેશભરના ૧૨૧ ટોલ પ્લાઝા પર ઓનલાઈન ફાસ્ટેગ 'લોકલ પાસ' સુવિધાનો વિસ્તાર કર્યો છે. ઓનલાઈન લોકલ પાસ પાત્ર વાહનચાલકોને 'રાજમાર્ગયાત્રા' મોબાઈલ એપ દ્વારા ઓનલાઈન માસિક લોકલ પાસ સબ્સ્ક્રાઈબ કરવાની સુવિધા આપે છે, જેનાથી ટોલ પ્લાઝા પર રૂબરૂ જવાની અને દસ્તાવેજો સબમિટ કરવાની જરૂરિયાત દૂર થાય છે. આ પહેલનો મુખ્ય ઉદ્દેશ્ય ટેકનોલોજીનો ઉપયોગ કરીને ટોલિંગ કામગીરીની પારદર્શિતા અને કાર્યક્ષમતા વધારીને નેશનલ હાઈવે પરની મુસાફરીને વધુ સીમલેસ અને નાગરિક-કેન્દ્રિત બનાવવાનો છે. પ્રથમ ડિજિટલ લોકલ પાસ સુવિધા જુલાઈ ૨૦૨૬ માં દિલ્હીમાં અર્બન એક્સ્ટેન્શન રોડ-II (UER-II) પર મુંડકા-બક્કરવાલા ટોલ પ્લાઝા ખાતે શરૂ કરવામાં આવી હતી. આ સફળ અમલીકરણ બાદ, હવે આ સુવિધા દેશભરના ૧૨૦ થી વધુ ટોલ પ્લાઝા સુધી વિસ્તરણ કરવામાં આવી છે. આવનારા મહિનાઓમાં આ સુવિધા દેશના વધુ ટોલ પ્લાઝા પર લાગુ કરવામાં આવશે. ડિજિટલ લોકલ પાસ માળખા હેઠળ, પાત્ર ટોલ પ્લાઝાના ૨૦ કિમીની ત્રિજ્યામાં રહેતા રહેવાસીઓ 'રાજમાર્ગયાત્રા' મોબાઈલ એપ દ્વારા લોકલ પાસ માટે અરજી કરી શકે છે. આ પાસ પાત્ર વાહનચાલકોને લાગુ જોગવાઈઓ મુજબ તે મહિના દરમિયાન સંબંધિત ટોલ પ્લાઝા પરથી અમર્યાદિત મુસાફરી કરવાની મંજૂરી આપે છે. અગાઉ, લોકલ પાસ મેળવવા ઈચ્છતા વાહનચાલકોએ સંબંધિત ટોલ પ્લાઝાની રૂબરૂ મુલાકાત લેવી પડતી હતી અને ૨૦ કિમીની રેન્જમાં પોતાના રહેણાંક સરનામાની સાબિતી અને અન્ય પાત્રતાની જરૂરિયાતો પૂરી કરવા દસ્તાવેજો જમા કરાવવા પડતા હતા. નેશનલ હાઈવે વપરાશકર્તાઓ https://rajmargyatra.nhai.gov.in/buy-fastag-local-pass પર જઈને પાત્ર ટોલ પ્લાઝાની યાદી ચકાસી શકે છે.

# રાષ્ટ્રીય ગ્રામ સ્વરાજ અભિયાન અંતર્ગત નવનિયુક્ત પંચાયત સભ્યો માટે ક્ષમતા નિર્માણ તાલીમ કાર્યક્રમ યોજાયો

### પંચાયતી રાજને વધુ સશક્ત બનાવવા સુશાસન, જનભાગીદારી અને લોકકેન્દ્રિત વહીવટ પર ભાર મુકવામાં આવ્યો



કમલમ્,ભરૂચ

ભરૂચ જિલ્લા પંચાયત, ભરૂચ દ્વારા રાષ્ટ્રીય ગ્રામ સ્વરાજ અભિયાન (RGSA) અંતર્ગત ભરૂચ જિલ્લાના અને જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયત કક્ષાના ચૂંટાયેલ પ્રતિનિધિઓ માટે ક્ષમતા નિર્માણ તાલીમ કાર્યક્રમનું આયોજન AIA, GIDC હોલ, અંકલેશ્વર ખાતે કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના અધ્યક્ષપદે માન. જિલ્લા પંચાયત પ્રમુખશ્રી શ્રીમતિ ડિમ્પલબેન રાજ ભરૂચના અધ્યક્ષસ્થાને યોજવામાં આવ્યો હતો. આ પ્રસંગે, જિલ્લા પંચાયત પ્રમુખશ્રીએ પોતાના સંબોધનમાં જણાવ્યું હતું કે, ગુજરાતના મુખ્યમંત્રી શ્રી માન. ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં રાજ્ય સરકારે પણ પંચાયતી રાજ સંસ્થાઓને વધુ મજબૂત બનાવવા માટે, ગ્રામીણ વિકાસને વેગ આપવા અને લોકો સુધી પારદર્શક તથા અસરકારક વહીવટ પહોંચાડવા માટે અનેક લોકકલ્યાણકારી યોજનાઓ સફળતાપૂર્વક અમલમાં મૂકી છે. લોકશાહીના પાયાના સ્તંભ તરીકે ચૂંટાઈને આવ્યા છો. તો લોકોનો વિશ્વાસ અને તેમની અપેક્ષાઓ તથા તેમના વિકાસના કામોને ખભા પર રાખીને માત્ર ચૂંટાઈ આવવું પૂરતું નથી પરંતુ એક જવાબદાર જનપ્રતિનિધિ તરીકે કાયદા, નિયમો અને યોજનાઓની વહીવટી પ્રક્રિયાઓની યોગ્ય સમજ હોવી એટલી જ જરૂરી છે. સર્વેને જણાવીશ કે, અહીંથી પ્રાપ્ત થતા જ્ઞાનનો ઉપયોગ આપના ગામ, તાલુકા અને જિલ્લાના વિકાસ માટે થાય એ જરૂરી છે. આ તાલીલથી આ ક્ષેત્રે આપનું જ્ઞાન જેટલું પણ વધશે, એટલું લોકો સુધી પહોંચશે અને "સમૃદ્ધ ગામ, સમૃદ્ધ ગુજરાત અને વિકસિત ભારત"નું સ્વપ્ન પણ સાકાર થશે. પંચાયતી રાજ વ્યવસ્થા ગ્રામીણ વિકાસનો મૂળ આધાર છે. ચૂંટાયેલ પ્રતિનિધિઓને તાલીમ આપીને તેમની ક્ષમતા વધારવી એ સરકારની અગ્રતા છે. રાષ્ટ્રીય ગ્રામ સ્વરાજ અભિયાન હેઠળ આપવામાં આવતી આ તાલીમ ગ્રામ પંચાયતોને વધુ મજબૂત, પારદર્શક અને જવાબદાર બનાવવામાં મહત્ત્વની ભૂમિકા ભજવશે. અંતમાં તેમણે સૌને અપીલ કરતા રહ્યું કે, આપણી જવાબદારી અને નિષ્ઠાપૂર્વક કામગીરી કરીને, ગામના છેવાડાના નાગરિકો સુધી યોજનાઓનો પૂરતો લાભ પહોંચે અને તેમને યોગ્ય ન્યાય મળી રહે તે માટે આપ સૌ નમ્રતાપૂર્વક પ્રયત્ન કરવા ભાર પૂર્વક જણાવ્યું હતું. અંતે તેમણે ઉમેર્યું કે, ભરૂચ જિલ્લાના વિકાસ માટે તમામ પ્રતિનિધિઓએ એકસાથે કામ કરવું પડશે અને લોકોની સમસ્યાઓનું નિરાકરણ કરવામાં હકારાત્મક અને સક્રિય ભાગ લેવો પડશે. તાલીમ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ નવનિયુક્ત પંચાયત પદાધિકારીશ્રીઓ અને સભ્યશ્રીઓને પંચાયતી રાજ વ્યવસ્થાની કાર્યપદ્ધતિ, જવાબદારીઓ તથા સરકારી યોજનાઓના અસરકારક અમલીકરણ અંગે જરૂરી માર્ગદર્શન અને જ્ઞાન પૂરું પાડવાનો હતો. આ ઉપરાંત સોલિડ વેસ્ટ મેનેજમેન્ટના નિયમો તથા તેના અંતર્ગત કરવાની કામગીરી, ગ્રામ પંચાયત વિકાસ યોજના (GPDP), ૧૫મા નાણાપંચ અંતર્ગત આયોજન અને અમલીકરણ તથા ઈ-સ્વરાજ પોર્ટલનું અમલીકરણ જેવા મહત્વપૂર્ણ વિષયો પર તાલીમ આપવામાં આવી હતી. આ તકે, ભરૂચના ધારાસભ્યશ્રી રમેશ મિસ્ત્રી, જંબુસરના ધારાસભ્ય શ્રી ડી.કે. સ્વામી એ પણ પ્રસંગને અનુરૂપ ઉદ્બોધન આપ્યું હતું. રાષ્ટ્રીય ગ્રામ સ્વરાજ તાલીમમાં રાજ્ય કક્ષાએ પધારેલા ટ્રેનરશ્રી હિંમતભાઈ પરમાર રચિત પુસ્તકનું મહાનુભાવોના હસ્તે વિમોચન કરવામાંઆવ્યુંહતું. કાર્યક્રમમાં જિલ્લા અને તાલુકા પંચાયતના ચૂંટાયેલ પ્રતિનિધિઓ, અધિકારીઓ તેમજ પંચાયતી રાજ સંસ્થાઓના કાર્યકરો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. આ તાલીમ કાર્યક્રમમાં જિલ્લા પંચાયત ઉપપ્રમુખ અજીતભાઈ, જિલ્લા અને તાલુકા પંચાયતના ચૂંટાયેલ પ્રતિનિધિઓ, પંચાયતી રાજ સંસ્થાઓના કાર્યકરો, જિલ્લા આંકડા અધિકારી શ્રી મેહુલ પટેલ, નાયબ જિલ્લા વિકાસ અધિકારી શ્રી,જિલ્લા વહીવટી તંત્રના વરિષ્ઠ અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# BISAG-N ખાતે KSVના ૧૧૪ વિદ્યાર્થીઓની ત્રિ-દિવસીય ઈન્ડસ્ટ્રી વિઝિટ



કમલમ્,ગાંધીનગર

કડી સર્વ વિશ્વવિદ્યાલય, કડી-ગાંધીનગર સંલગ્ન શ્રી માણેકલાલ એમ. પટેલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ સાયન્સિસ એન્ડ રિસર્ચના M.Sc. IT અને B.Sc. CS તથા SVKM ઈન્સ્ટિટ્યૂટ ઓફ કમ્પ્યુટર સ્ટડીઝના BCAના વિદ્યાર્થીઓને ઔદ્યોગિક અને વ્યવહારુ જ્ઞાન પ્રાપ્ત થાય તે હેતુથી ગાંધીનગર સ્થિત BISAG-N (Bhaskaracharya National Institute for Space Applications and Geo-informatics) ખાતે તા. ૧૦થી ૧૨ ઓગસ્ટ, ૨૦૨૬ દરમિયાન ત્રિ-દિવસીય ઈન્ડસ્ટ્રી વિઝિટનું આયોજન કરવામાં આવ્યું હતું. આ મુલાકાતમાં M.Sc. (IT) સેમેસ્ટર-3, B.Sc. (CS) સેમેસ્ટર-૫ અને BCA સેમેસ્ટર-૫ના કુલ ૧૧૪ વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. ઈન્ડસ્ટ્રી વિઝિટ દરમિયાન વિદ્યાર્થીઓને BISAG-Nની કામગીરી તેમજ વિવિધ ટેક્નોલોજી આધારિત પ્રવૃત્તિઓ અંગે પ્રાયોગિક માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓએ GIS, RemOe Sensing, Geo-informatics, Satellite Communication અને Space Technologyના વાસ્તવિક જીવનમાં થતા ઉપયોગો અંગે માહિતી મેળવી હતી. ઉપરાંત, Satellite Data, Data Analytics, AI/ML તથા આધુનિક ડિજિટલ ટેક્નોલોજીનો સરકારી અને સામાજિક ક્ષેત્રે કેવી રીતે ઉપયોગ થાય છે તે અંગે પણ વિદ્યાર્થીઓને પ્રત્યક્ષ સમજ આપવામાં આવી હતી. આ મુલાકાતનો મુખ્ય ઉદ્દેશ વિદ્યાર્થીઓ દ્વારા વર્ગખંડમાં પ્રાપ્ત કરવામાં આવેલા સૈદ્ધાંતિક જ્ઞાનને ઔદ્યોગિક તથા વાસ્તવિક પરિસ્થિતિ સાથે જોડવાનો હતો. મુલાકાત દરમિયાન વિદ્યાર્થીઓને ટેક્નોલોજી આધારિત સમસ્યાઓના ઉકેલ, આધુનિક ટેક્નોલોજીકલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને ઉદ્યોગની કાર્યપદ્ધતિ અંગે માર્ગદર્શન મળ્યું હતું. સાથે જ IT, Space Technology, GIS, Data Science અને Data Analytics જેવા ઉભરતા ક્ષેત્રોમાં ઉપલબ્ધ કારકિર્દીની તકો અંગે પણ મહત્વપૂર્ણ માહિતી પ્રાપ્ત થઈ હતી. આ શૈક્ષણિક પહેલનું આયોજન કડી સર્વ વિશ્વવિદ્યાલયના પ્રમુખશ્રી વલ્લભભાઈ એમ. પટેલના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનું સમગ્ર માર્ગદર્શન પ્રિન્સિપાલ (I/C) ડૉ. શિવાની એ. ત્રિવેદીના નેતૃત્વ હેઠળ કરવામાં આવ્યું હતું. ઈન્ડસ્ટ્રી વિઝિટના આયોજન અને સંકલનમાં ડૉ. કિંજલ શેઠ, શ્રી હેનિલ પીઠડીયા અને શ્રી જિજ્ઞેશ સેંજલિયા તથા ફેકલ્ટી કોઓર્ડિનેટર્સ ડૉ. કિંજલ શેઠ, શ્રીમતી સ્નેહલ રિન્દાણી અને શ્રી બલજીત કૌરએ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી. આ ત્રિ-દિવસીય ઈન્ડસ્ટ્રી વિઝિટના પરિણામે વિદ્યાર્થીઓને અભ્યાસક્રમમાં મેળવેલા જ્ઞાનને વાસ્તવિક ઔદ્યોગિક પરિસ્થિતિ સાથે જોડવાનો પ્રત્યક્ષ અનુભવ પ્રાપ્ત થયો હતો. સાથે જ નવીન ટેક્નોલોજી, સંશોધન, સમસ્યા ઉકેલવાની ક્ષમતા તથા ટેક્નોલોજી આધારિત કારકિર્દી અંગે તેમની જાગૃતિમાં વધારો થયો હતો. કડી સર્વ વિશ્વવિદ્યાલય દ્વારા વિદ્યાર્થીઓને ઉદ્યોગલક્ષી, ટેક્નોલોજી-સજ્જ અને ભવિષ્યલક્ષી બનાવવાના હેતુથી આયોજિત આ ઈન્ડસ્ટ્રી વિઝિટ શૈક્ષણિક અને વ્યવહારુ જ્ઞાન વચ્ચેનું અંતર ઘટાડવામાં મહત્વપૂર્ણ સાબિત થઈ હતી.

# બાલારામ મહાદેવ મંદિર નજીક ૧૦ હેકટરમાં સાકાર થશે અનોખું 'મહા વન કવચ': ત્રિશૂળ અને બિલીપત્રની થીમ પર નિર્માણ

### શ્રાવણ માસના પાવન સોમવારે બાલારામમાં હરિત સંકલ્પ:મંત્રીશ્રી પ્રવીણભાઈ માળીના અધ્યક્ષસ્થાને વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો




### બાલારામને ઉત્તર ગુજરાતના મુખ્ય ટુરિઝમ સર્કિટ તરીકે વિકસાવવા સરકાર પ્રતિબદ્ધ: મંત્રીશ્રી પ્રવીણભાઈ માળી

### બનાસકાંઠાના પંચ-કેન્દ્રીય વિકાસ મોડેલ જેમાં પાણી, પર્યાવરણ, પર્યટન, પોષણ, પશુધનને વેગ અપાશે: મંત્રીશ્રી પ્રવીણભાઈ માળી

કમલમ્,પાલનપુર

રાજ્યના વન અને પર્યાવરણ રાજ્ય મંત્રીશ્રી પ્રવીણભાઈ માળીના અધ્યક્ષસ્થાને બાલારામ ખાતે વિશાળ વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે મંત્રીશ્રીએ બાલારામ મહાદેવના દર્શન કરી પર્યાવરણ સંરક્ષણના આ હરિત સંકલ્પને વધુ મજબૂત બનાવ્યો હતો. બાલારામની પવિત્ર ધરતી પર પ્રકૃતિ સંરક્ષણ, પર્યાવરણીય પુન:સ્થાપન, જૈવવિવિધતાના સંવર્ધન તથા વન્યજીવો માટે અનુકૂળ કુદરતી રહેઠાણના વિકાસના ઉદ્દેશ્ય સાથે બનાસકાંઠા વન્યજીવ વિભાગ દ્વારા આશરે ૧૦ હેક્ટર વિસ્તારમાં વિશિષ્ટ 'મહા વન કવચ' વિકસાવવામાં આવશે. વન કવચ પ્રસંગે પાલનપુરના ધારાસભ્યશ્રી અનિકેતભાઈ ઠાકરની પ્રેરક સંબોધન કર્યું હતુ. આ પ્રસંગે મંત્રી શ્રી પ્રવીણભાઈ માળી એ જણાવ્યું હતુ કે શ્રાવણ માસના પાવન પ્રથમ સોમવારે બાલારામ મહાદેવ મંદિર નજીક ત્રિશૂળની થીમ આધારિત 'મહાવન કવચ'ની શરૂઆત કરવામાં આવી હતી. વન અને પર્યાવરણ સંરક્ષણને લોકભાગીદારી સાથે જોડવાના હેતુથી હાથ ધરાયેલી આ પહેલ અંતર્ગત સામાન્ય 'વન કવચ'ની તુલનામાં ૧૦થી ૫૦ હેક્ટર સુધીના વિશાળ વિસ્તારમાં સ્થાનિક વૃક્ષો અને વનસ્પતિનું વાવેતર કરી જંગલનું નિર્માણ કરવામાં આવશે. બાવળથી આચ્છાદિત વિસ્તારોને હરિયાળા અને જૈવવિવિધતાસભર બનાવવાની સાથે પક્ષીઓ, નાના પ્રાણીઓ તથા અન્ય જીવસૃષ્ટિ માટે કુદરતી આવાસ ઊભો કરવાનો ઉદ્દેશ છે. નાગરિકોને પોતાના જન્મદિવસ અને પરિવારના વિશેષ પ્રસંગોએ અહીં આવી વૃક્ષારોપણ કરવા પ્રોત્સાહિત કરવામાં આવશે. વૃક્ષો વન વિભાગ દ્વારા ઉપલબ્ધ કરાવવામાં આવશે, જ્યારે વાવેતર નાગરિકો દ્વારા અને જાળવણી વન વિભાગ દ્વારા કરવામાં આવશે. 'મહાવન કવચ'માં ૭૪થી વધુ સ્થાનિક અને પર્યાવરણીય રીતે મહત્વપૂર્ણ વૃક્ષ પ્રજાતિઓનું વાવેતર કરી QR કોડ મારફતે વૃક્ષોની ઓળખ, ગુણધર્મો તથા પર્યાવરણીય અને ઔષધીય મહત્વની માહિતી ઉપલબ્ધ કરાવવામાં આવશે. બનાસકાંઠામાં પાણી, પર્યાવરણ, પર્યટન, પોષણ અને પશુધન જેવા પાંચ મહત્વપૂર્ણ ક્ષેત્રોને કેન્દ્રમાં રાખીને વિકાસની કામગીરીને વેગ આપવામાં આવી રહ્યો છે. પાલનપુર સહિત સમગ્ર ઉત્તર ગુજરાતમાં ટુરિઝમ સર્કિટ વિકસાવવાની દિશામાં બાલારામ વિસ્તારને વિશેષ મહત્વ આપવામાં આવી રહ્યું છે.

બાલારામ મહાદેવ મંદિર, ઉઝાણી સહિતના ધાર્મિક અને કુદરતી સ્થળોને જોડીને આ વિસ્તારને પ્રવાસનના મહત્વપૂર્ણ કેન્દ્ર તરીકે વિકસાવવામાં આવી રહ્યો છે. બાલારામ ખાતે આશરે રૂ. ૨૫ કરોડના ખર્ચે પ્રવાસન વિકાસના કામો ઉપરાંત વન્યજીવોના સંવર્ધન માટે બ્રિડિંગ સેન્ટર તથા આગામી સમયમાં વિવિધ જીવસૃષ્ટિના ઈન્ટરપ્રિટેશન સેન્ટર વિકસાવવાની કામગીરી પણ હાથ ધરવામાં આવી રહી છે. રસ્ટી સ્પોટેડ કેટ સહિતની સ્થાનિક વન્યજીવ પ્રજાતિઓ અને દુર્લભ પક્ષીઓની જૈવવિવિધતાને જાળવવા માટે સંવર્ધનના પ્રયાસો કરવામાં આવશે. નડાબેટ, બીસાનું ઝૂ અને નાઈટ સફારી સહિતના પ્રવાસન સ્થળો સાથે બાલારામને જોડીને ભવિષ્યમાં બનાસકાંઠામાં સફારી અને વન્યજીવ પ્રવાસનને વધુ વેગ આપવાની દિશામાં પણ આયોજન થઈ રહ્યું છે.

'મહાવન કવચ'ને માત્ર પ્રવાસન સ્થળ નહીં પરંતુ બાળકો અને વિદ્યાર્થીઓ માટે કુદરતી શિક્ષણ અને પર્યાવરણ જાગૃતિનું કેન્દ્ર બનાવવાનો પણ ઉદ્દેશ છે. લીમડો, શીશમ, ખેર સહિતની વિવિધ સ્થાનિક પ્રજાતિઓને નજીકથી ઓળખવા અને તેમના પર્યાવરણીય તથા ઔષધીય મહત્વને સમજવાનો અવસર મુલાકાતીઓને મળશે. બાલારામની ટેકરીને પણ પ્રવાસન માટે વિકસાવવાની દિશામાં કામગીરી આગળ ધપાવવામાં આવી રહી છે. પર્યાવરણ સંરક્ષણમાં જનભાગીદારી વધારવા માટે CREDAI બનાસકાંઠા, લાયન્સ સહિતની વિવિધ સામાજિક અને સ્વૈચ્છિક સંસ્થાઓને મોટા પાયે વૃક્ષારોપણ સાથે જોડાવા અપીલ કરવામાં આવી છે. CREDAI બનાસકાંઠા દ્વારા ૧૦૦થી ૨૦૦ હેક્ટર જેટલી જમીન ઉપલબ્ધ થાય તો વ્યાપક વૃક્ષારોપણ કરવાની તૈયારી વ્યક્ત કરવામાં આવી છે. ભારત સરકારના 'ગ્રીન ક્રેડિટ પ્રોગ્રામ' સાથે પણ વધુમાં વધુ સંસ્થાઓ અને નાગરિકોને જોડીને બનાસકાંઠામાં હરિયાળી, જૈવવિવિધતા, પર્યાવરણ સંરક્ષણ અને પર્યટનનો સમન્વય સાધી આવનારી પેઢીઓ માટે વધુ સમૃદ્ધ અને કુદરતપ્રેમી બનાસકાંઠાનું નિર્માણ કરવાનો સંકલ્પ વ્યક્ત કરવામાં આવ્યો હતો. આ હરિત સંકલ્પમાં જનભાગીદારી વધારવાના હેતુથી પાલનપુર ધારાસભ્ય શ્રી અનિકેત ઠાકર, પૂર્વ સાંસદ શ્રી દિનેશભાઈ અનાવાડીયા, વન અધિકારીઓ શ્રી પી. જી. ગાડી, નાયબ વન સંરક્ષક, બનાસકાંઠા વન્યજીવ વિભાગ, ડૉ. રેણુકા દેસાઈ, નાયબ વન સંરક્ષક, સામાજિક વનીકરણ વિભાગ, બનાસકાંઠા તેમજ અન્ય વન અધિકારીશ્રીઓ - કર્મચારીઓ, સંગઠન ના પદાધિકારીઓ, નાગરિકો, યુવાનો, સ્થાનિક આગેવાનો, સ્વૈચ્છિક સંસ્થાઓ, પર્યાવરણપ્રેમીઓ અને પ્રકૃતિપ્રેમીઓએ ઉત્સાહપૂર્વક ઉપસ્થિત રહી વૃક્ષારોપણ કાર્યક્રમમાં સહભાગી બની પર્યાવરણ સંરક્ષણનો સંદેશ વધુ વ્યાપક બનાવ્યો હતો.

# ગાંધીનગર ખાતે કલેકટર શ્રી રવિન્દ્ર ખતાલેની અધ્યક્ષતામાં "ઉલ્લાસ - નવ ભારત સાક્ષરતા કાર્યક્રમ" અંતર્ગત સમીક્ષા બેઠક યોજાઈ

**જિલ્લાના નિરક્ષર નાગરિકોને સાક્ષર બનાવવાના "જન-આંદોલન" આધારિત કાર્યક્રમને વધુ સુચારૂ અને પરિણામલક્ષી બનાવવા માર્ગદર્શન આપતા જિલ્લા સમાહર્તા શ્રી રવિન્દ્ર ખતાલે**




કમલમ્,ગાંધીનગર

ગાંધીનગર કલેક્ટર કચેરી ખાતે જિલ્લા કલેક્ટર શ્રી રવિન્દ્ર ખતાલેની અધ્યક્ષતામાં "ઉલ્લાસ - નવ ભારત સાક્ષરતા કાર્યક્રમ" (NILP) અંતર્ગત જિલ્લામાં યોજનાકીય કામગીરીના અસરકારક અમલીકરણ અર્થે જિલ્લા સાક્ષરતા મિશન સત્તામંડળ સમિતિની સમીક્ષા બેઠક યોજાઈ હતી. આ બેઠક દરમિયાન જિલ્લા કલેક્ટર શ્રી રવિન્દ્ર ખતાલેએ ઉલ્લાસ કાર્યક્રમ હેઠળ જિલ્લામાં ચાલી રહેલી તમામ પ્રવૃત્તિઓ અને કામગીરીની ઝીણવટભરી સમીક્ષા કરી હતી. તેમણે આ કાર્યક્રમને વધુ સુચારૂ અને પરિણામલક્ષી બનાવવા માટે જરૂરી માર્ગદર્શન અને સૂચન આપ્યા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે, આ યોજનાનો મુખ્ય ઉદ્દેશ ૧૫ વર્ષ કે તેથી વધુ ઉંમરના નિરક્ષર નાગરિકોને સાક્ષર બનાવવાનો છે. "જન-આંદોલન" પર આધારિત આ કાર્યક્રમમાં સરકારી શાળાના શિક્ષકો, સ્થાનિક યુવાનો, આંગણવાડી કાર્યકરો અને સ્વયંસેવકો દ્વારા ઘરે-ઘરે સર્વે કરી ૧૫+ વય જૂથના નિરક્ષર લોકોની ઓળખ કરવામાં આવે છે. ત્યારબાદ આ નિરક્ષરોને સરકારી શાળા-કોલેજના વિદ્યાર્થીઓ કે નિવૃત્ત કર્મચારીઓ જેવા સ્વયંસેવક શિક્ષકો સાથે જોડીને શિક્ષણ આપવામાં આવે છે. શિક્ષણ પ્રક્રિયા પૂર્ણ થયા બાદ વર્ષમાં બે વાર સરકારી શાળાઓમાં મૂળભૂત સાક્ષરતા અને સંખ્યાજ્ઞાન મૂલ્યાંકન કસોટી - વાંચન, લેખન અને સંખ્યાજ્ઞાનની FLNAT પરીક્ષા યોજીને ઉમેદવારોનું યોગ્ય મૂલ્યાંકન કરવામાં આવે છે.

આ બેઠકમાં જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક શ્રી નિલોફર શેખ, નાયબ જિલ્લા નિરંતર શિક્ષણાધિકારી શ્રી હેમાંગ ભટ્ટ સહિત તમામ સંબંધિત સભ્યો અને અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# બાલારામ ખાતે મંત્રી શ્રી પ્રવીણભાઈ માળીના વરદ હસ્તે સ્પોટેડ ડિયર બ્રીડિંગ સેન્ટરનું ઉદ્ઘાટન

### બાલારામ ખાતે હરણ સહિતના વન્યજીવોના સંવર્ધન માટે સ્પોટેડ ડિયર બ્રીડિંગ સેન્ટરનો પ્રારંભ







### વન્યજીવ સંરક્ષણ અને જૈવવિવિધતાના જતન માટે વન વિભાગની મહત્વપૂર્ણ પહેલ

કમલમ્,પાલનપુર

બાલારામ ખાતે વન અને વન્યજીવ સંરક્ષણને વધુ મજબૂત બનાવવાના હેતુથી સ્પોટેડ ડિયર બ્રીડિંગ સેન્ટરનું ઉદ્ઘાટન વન અને પર્યાવરણ મંત્રીશ્રી પ્રવીણભાઈ માળીના હસ્તે કરવામાં આવ્યું હતું. બાલારામ વિસ્તારની આગવી ઓળખ સમાન હરણ સહિતના વન્યજીવોની સંખ્યામાં સમયાંતરે થઈ રહેલા ઘટાડાને ધ્યાનમાં રાખીને આ બ્રીડિંગ સેન્ટર મહત્વપૂર્ણ સાબિત થશે. અહીં હરણના સંવર્ધન અને પ્રજનન માટે જરૂરી વ્યવસ્થાઓ વિકસાવવામાં આવશે અને બ્રીડિંગ બાદ યોગ્ય સંખ્યામાં હરણોને કુદરતી રહેઠાણ ધરાવતા જંગલ વિસ્તારમાં છોડવામાં આવશે. આ સમગ્ર કામગીરીનો મુખ્ય હેતુ બાલારામ વિસ્તારની વન્યજીવ સંપદા અને જૈવવિવિધતાનું સંરક્ષણ કરી કુદરતી પર્યાવરણીય સંતુલન જાળવવાનો છે. બાલારામ વિસ્તાર વન્યજીવો અને કુદરતી સૌંદર્યની દ્રષ્ટિએ વિશેષ મહત્વ ધરાવે છે. સ્પોટેડ ડિયર બ્રીડિંગ સેન્ટર દ્વારા વન્યજીવોના સંવર્ધન સાથે વિસ્તારના પર્યાવરણ અને કુદરતી વારસાને વધુ સમૃદ્ધ બનાવવાની દિશામાં મહત્વપૂર્ણ કામગીરી થશે. આ પહેલથી બાલારામ અને બનાસકાંઠામાં વન્યજીવ આધારિત પર્યટનને પણ નવી દિશા મળવાની સાથે પ્રકૃતિપ્રેમીઓ અને વન્યજીવપ્રેમીઓ માટે આકર્ષણનું નવું કેન્દ્ર વિકસશે. વન્યજીવોના સંરક્ષણ, સંવર્ધન અને તેમના કુદરતી આવાસના જતન માટે સરકાર તથા વન વિભાગ દ્વારા હાથ ધરવામાં આવી રહેલી કામગીરીમાં આ બ્રીડિંગ સેન્ટર એક મહત્વપૂર્ણ સીમાચિહ્ન બની રહેશે. વન્યજીવ સંરક્ષણ અને જૈવવિવિધતાના સંતુલનને વેગ આપવાના ઉમદા આશય સાથે બાલારામ ખાતે 'હર્બીવોર બ્રિડિંગ સેન્ટર' (તૃણાહારી વન્યજીવ સંવર્ધન કેન્દ્ર)નું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું છે. આ કેન્દ્ર ખાતે હરણ, સાબર, ચિત્તલ જેવા શાકાહારી પ્રાણીઓનું વૈજ્ઞાનિક ઢબે સંવર્ધન અને ઉછેર કરવામાં આવશે. જંગલમાં તૃણાહારી પ્રાણીઓની સંખ્યા વધવાથી શિકારી વન્યજીવો માટે પૂરતો કુદરતી પ્રે-બેઝ (ખોરાક) ઉપલબ્ધ થશે, જેના પરિણામે માનવ-વન્યજીવ સંઘર્ષની ઘટનાઓમાં નોંધપાત્ર ઘટાડો થશે તેમજ પર્યાવરણીય સંતુલન વધુ મજબૂત બનશે.

# માઈક્રોનનાં સેમિકંડક્ટર પ્લાન્ટને ૪૮ કલાક કામની સાપ્તાહિક મર્યાદા સાથે ૧૨ કલાકની શિફ્ટને સરકારે મંજૂરી આપી

## સેમિકંડક્ટર ઉદ્યોગને પ્રોત્સાહન આપવા માટે ગુજરાત સરકાર દ્વારા આ પ્રકારની પહેલી મંજુરી






**પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ ભારતને વૈશ્વિક ટેક્નોલોજી અને મેન્યુફેક્ચરિંગ ક્ષેત્રે અગ્રણી બનાવવાના સંકલ્પમાં સેમિકન્ડક્ટર ઉદ્યોગને વ્યૂહાત્મક આધારસ્તંભ તરીકે ઓળખાવ્યો છે. ઇન્ડિયા સેમિકન્ડક્ટર મિશનનો હેતુ દેશમાં સંપૂર્ણ સ્વદેશી ચિપ ઉત્પાદન ઇકોસિસ્ટમ વિકસાવવાનો છે.**

કમલમ્, ગાંધીનગર

ભારતના સેમિકન્ડક્ટર મેન્યુફેક્ચરિંગ હબ તરીકે ગુજરાતની સ્થિતિ વધુ મજબૂત બને તે હેતુથી રાજ્ય સરકારે મહત્વપૂર્ણ નીતિગત નિર્ણય લીધો છે. આ નિર્ણય હેઠળ માઈક્રોન સેમિકન્ડક્ટર ટેક્નોલોજી ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડના સાણંદ સ્થિત પ્લાન્ટમાં ૧૨ કલાકની કામકાજની શિફ્ટ ચલાવવાની મંજૂરી આપી છે. ગુજરાતમાં આ પ્રકારની પ્રથમ મંજૂરી છે. રાજ્યમાં સેમિકંડક્ટર ઉદ્યોગને પ્રોત્સાહન આપવાથી નવી રોજગારી ઉભી થશે. આ ૧૨ કલાકની શિફ્ટમાં કર્મચારીઓ માટે અઠવાડિયામાં કુલ કામકાજનો સમય ૪૮ કલાકનો જ રહેશે. આ મંજૂરી ઓક્યુપેશનલ સેફ્ટી, હેલ્થ એન્ડ વર્કિંગ કન્ડિશન્સ (OSH) કોડ, ૨૦૨૦ની જોગવાઈઓ હેઠળ આપવામાં આવી છે, જે ૨૧ નવેમ્બર, ૨૦૨૫થી સમગ્ર દેશમાં અમલમાં આવ્યો છે. આ કોડ રાજ્ય સરકારોને જરૂરી સુરક્ષા જોગવાઈઓ સાથે કેટલીક પરિસ્થિતિઓમાં ફેક્ટરીઓને ચોક્કસ જોગવાઈઓમાંથી છૂટ આપવાની સત્તા આપે છે, પરંતુ કર્મચારીઓના સાપ્તાહિક કામકાજના કલાકો નિર્ધારિત મર્યાદાથી વધુ ન થાય તેની ખાતરી પણ આપે છે. ગુજરાતનાં શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર મંત્રી શ્રી કુંવરજીભાઈ બાવળીયાએ જણાવ્યું કે, "ઓક્યુપેશનલ સેફ્ટી, હેલ્થ એન્ડ વર્કિંગ કન્ડિશન્સ (OSH) કોડનો મુખ્ય હેતુ ઈઝ ઓફ ડૂઈંગ બિઝનેસ અને ઈઝ ઓફ કોમ્પ્લાયન્સને પ્રોત્સાહન આપવાનો છે. કોડમાં સપ્તાહના મહત્તમ ૪૮ કલાકના કામકાજની જોગવાઈ છે. ગુજરાત સરકારે રાજ્યના વ્યાપક જાહેર હિત, આર્થિક વિકાસ અને રોજગારી સર્જનને ધ્યાનમાં રાખીને આ જોગવાઈનો ઉપયોગ કર્યો છે." "કોઈ પણ ઔદ્યોગિક એકમે કર્મચારીઓ માટે ૧૨ કલાકની શિફ્ટ રાખવા માટે સરકારની પૂર્વ મંજુરી લેવી ફરજિયાત છે. મંજુરી વગર કોઈ ઔદ્યોગિક ગૃહ કર્મચારીઓ પાસે ૧૨ કલાકની શિફ્ટ રાખી શકશે નહી. આ પ્રકારની જોગવાઈ ચોક્સ ઉદ્યોગોની જરૂરીયાતને ધ્યાનમાં રાખીને કરવામાં આવી છે," કુંવરજીભાઈ બાવળીયાએ સ્પષ્ટતા કરતા જણાવ્યું. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ ભારતને વૈશ્વિક ટેક્નોલોજી અને મેન્યુફેક્ચરિંગ ક્ષેત્રે અગ્રેસર બનાવવાના વિઝનમાં સેમિકન્ડક્ટરને વ્યૂહાત્મક ક્ષેત્ર તરીકે સ્થાન આપ્યું છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં ગુજરાત સેમિકન્ડક્ટર ક્ષેત્રે દેશનું સૌથી આકર્ષક રોકાણ કેન્દ્ર બની રહ્યું છે, જ્યાં ફેબ્રિકેશન, એસેમ્બલી, પેકેજિંગ, ટેસ્ટિંગ અને અદ્યતન ઈલેક્ટ્રોનિક્સ ઉત્પાદન જેવા ક્ષેત્રોમાં સતત રોકાણ થઈ રહ્યું છે. માઈક્રોન ટેક્નોલોજીનો સાણંદ પ્લાન્ટ કંપનીના વૈશ્વિક ઉત્પાદન નેટવર્કમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે. પ્રોજેક્ટના પ્રથમ તબક્કામાં ૫ લાખ ચોરસ ફૂટથી વધુ ક્લીનરૂમ વિસ્તારનો સમાવેશ થશે, જેમાં વિશ્વના સૌથી મોટા સિંગલ-ફ્લોર સેમિકન્ડક્ટર એસેમ્બલી અને ટેસ્ટ ક્લીનરૂમ પૈકીનો એક ક્લીનરૂમ હશે. વર્ષ ૨૦૨૬ દરમિયાન અહીં કરોડો સેમિકન્ડક્ટર ચિપ્સનું એસેમ્બલી અને ટેસ્ટિંગ શરૂ થવાની અપેક્ષા છે, જ્યારે ૨૦૨૭થી ઉત્પાદન ક્ષમતા દર વર્ષે સેંકડો મિલિયન ચિપ્સ સુધી પહોંચવાની સંભાવના છે.

**સેમિકન્ડક્ટર ઉદ્યોગમાં સતત કામગીરી અનિવાર્ય**

સેમિકન્ડક્ટર ઉત્પાદન પરંપરાગત ફેક્ટરીઓથી અલગ છે કારણ કે અહીં અત્યંત નિયંત્રિત ક્લીનરૂમ પરિસ્થિતિમાં ઉત્પાદન પ્રક્રિયા સતત ચાલે છે. ચિપ એસેમ્બલી અને ટેસ્ટિંગ માટે અત્યાધુનિક ઓટોમેટેડ મશીનો ૨૪ કલાક કાર્યરત રહે છે, જેના કારણે સતત ઉત્પાદન જાળવવું કાર્યક્ષમતા અને ગુણવત્તા માટે અત્યંત મહત્વપૂર્ણ બને છે. નિષ્ણાતોના જણાવ્યા મુજબ, ૧૨ કલાકની શિફ્ટ વિશ્વભરના સેમિકન્ડક્ટર ઉત્પાદન એકમોમાં સ્વીકૃત કાર્યપદ્ધતિ છે. લાંબી શિફ્ટને કારણે શિફ્ટ બદલવાની સંખ્યા ઘટે છે, ક્લીનરૂમમાં પ્રવેશ ઓછો થાય છે, મશીનોનો વધુ કાર્યક્ષમ ઉપયોગ થાય છે અને અબજો રૂપિયાના રોકાણ ધરાવતા પ્લાન્ટમાં સતત ઉત્પાદન જાળવી શકાય છે. સાથે જ, કર્મચારીઓ સપ્તાહમાં ઓછા દિવસ કામ કરતાં હોવાથી કુલ સાપ્તાહિક કામકાજનો સમય ૪૮ કલાક જ રહે છે.

**શ્રમિકોના હિતોના રક્ષણ માટે કડક શરતો**

રાજ્ય સરકારે આ મંજૂરી સાથે શ્રમિકોના હિતોની સુરક્ષા માટે કડક શરતો લાગુ કરી છે. પુખ્ત વયના કર્મચારીઓ દિવસના વધુમાં વધુ ૧૨ કલાક કામ કરી શકશે, પરંતુ સપ્તાહમાં કુલ કામકાજનો સમય ૪૮ કલાકથી વધુ નહીં હોય. બાકીના દિવસોને પગારપાત્ર રજા તરીકે ગણવામાં આવશે. મહત્વપૂર્ણ બાબત એ છે કે, માત્ર પોતાની સ્વૈચ્છિક લેખિત સંમતિ આપનારા કર્મચારીઓ જ ૧૨ કલાકની શિફ્ટમાં કામ કરી શકશે. રાજ્ય સરકારે વધુમાં નિર્ધારિત કર્યું છે કે, આરામના વિરામ સહિતનો કુલ કાર્યસમય દિવસના ૧૨ કલાકથી વધુ નહીં હોય. કંપનીએ આ વ્યવસ્થા હેઠળ કામ કરતા કર્મચારીઓનો અલગ રેકોર્ડ રાખવો ફરજિયાત રહેશે. તેમજ ફેક્ટરીઓના ચીફ ઈન્સ્પેક્ટર-કમ-ફેસિલિટેટર દ્વારા લાદવામાં આવેલી વધારાની શરતોનું પણ પાલન કરવું પડશે. જો કોઈપણ શરતનો ભંગ થશે તો આપવામાં આવેલી મંજૂરી રદ કરવામાં આવશે અને સંબંધિત સંસ્થા સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર રાજ્યમંત્રી શ્રી કાંતિલાલ અમૃતિયાએ જણાવ્યું હતું કે, "આ છૂટછાટ રાજ્યની ઔદ્યોગિક પ્રગતિને વેગ આપવા, આર્થિક પ્રવૃત્તિઓનો વિસ્તાર કરવા, નવી રોજગારીનું સર્જન કરવા અને ખાસ કરીને રાષ્ટ્રીય વ્યૂહાત્મક મહત્વ ધરાવતા સેમિકન્ડક્ટર જેવા ઉદ્યોગોને પ્રોત્સાહન આપવાની પ્રતિબદ્ધતાનું પ્રતિબિંબ છે."

**સેમિકન્ડક્ટર ક્ષેત્રે ગુજરાતનું નેતૃત્વ વધુ મજબૂત**

સેમિકન્ડક્ટર ઉદ્યોગ માટે વિશેષ નીતિ જાહેર કરનાર ગુજરાત દેશનું પ્રથમ રાજ્ય હતું. આ નીતિ હેઠળ ઉદ્યોગોને વ્યાપક પ્રોત્સાહનો અને સહાય ઉપલબ્ધ કરાવવામાં આવી છે. તેના પરિણામે ઈન્ડિયા સેમિકન્ડક્ટર મિશન હેઠળ મંજૂર થયેલા છ મોટા પ્રોજેક્ટ ગુજરાતને મળ્યા છે, જેના દ્વારા અંદાજે ૧.૪૦ લાખ કરોડનું રોકાણ કરવામાં આવ્યું છે.

આ પ્રોજેક્ટ્સથી આશરે ૫૦,૦૦૦ પ્રત્યક્ષ અને પરોક્ષ રોજગારીની તકો ઊભી થવાની અપેક્ષા છે, જે ભારતના ઉભરતા સેમિકન્ડક્ટર મેન્યુફેક્ચરિંગ ઈકોસિસ્ટમના કેન્દ્ર તરીકે ગુજરાતની સ્થિતિને વધુ મજબૂત બનાવશે.



કમલમ્,

**કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન સંસ્થા શ્રી માણેકલાલ એમ. પટેલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ સાયન્સિસ એન્ડ રિસર્ચ, સેક્ટર ૨૩, ગાંધીનગર ખાતે યુનિવર્સીટી ના મહિલા વિકાસ સેલ દ્વારા કોલેજ ની બી.એસ.સી સેમેસ્ટર-૧ ની વિદ્યાર્થિનીઓ માટે ઓરિએન્ટેશન નું આયોજન કરવામાં આવ્યું. કાર્યક્રમનો મુખ્ય હેતુ વિદ્યાર્થિનીઓને મહિલા વિકાસ સેલ વિશે માહિતગાર કરવાનો તેમજ સેલની વિવિધ પ્રવૃત્તિઓ, જવાબદારીઓ અને હેતુઓથી પરિચિત કરાવવાનો હતો. તેમને સમજાવવામાં આવ્યું કે આધુનિક સમયમાં મહિલા વિકાસ સેલ માત્ર મહિલાઓને લગતી સમસ્યાઓના નિરાકરણ પૂરતું મર્યાદિત નથી, પરંતુ મહિલાઓના સર્વાંગી વિકાસ અને સશક્તિકરણ માટે પણ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. વિદ્યાર્થિનીઓને મહિલા વિકાસ સેલની પ્રવૃત્તિઓમાં સક્રિયપણે ભાગ લેવા માટે પ્રોત્સાહિત કરવામાં આવી. આ ઓરિએન્ટેશન કાર્યક્રમ વિદ્યાર્થિનીઓ માટે માહિતીપ્રદ અને માર્ગદર્શક રહ્યો.**






## સ્પેક એન્જિનિયરિંગ, બાકરોલ દ્વારા હેન્ડ્સ ઓન સેશન Git & GitHub કોર્ષ નું આયોજન કરવામાં આવ્યું.



કમલમ્,

તિરુપતિ ફાઉન્ડેશન ટ્રસ્ટ સંચાલિત સરદાર પટેલ એજ્યુકેશન કેમ્પસ (સ્પેક), બાકરોલ સ્થિત સરદાર પટેલ કોલેજ ઓફ એન્જિનિયરિંગ એન્ડ ટેકનોલોજીના ઈન્ફોર્મેશન ટેકનોલોજી વિભાગ દ્વારા "Git & GitHub – From Classroom to Industry" વિષય પર હેન્ડસ ઓન સેશનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સેશન ખાસ કરીને IT, CE અને CSE ના પાંચમા અને સાતમા સેમેસ્ટરના વિદ્યાર્થીઓ માટે ગોઠવવામાં આવ્યો હતો. જેનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓને શૈક્ષણિક શિક્ષણ અને વ્યવહારુ ઉદ્યોગ કૌશલ્ય વચ્ચેના અંતરને દૂર કરવાનો હતો. કાર્યક્રમનું આયોજન કોલેજના પ્રિન્સિપાલ ડૉ. નાનક પમનાણી, વાઈસ પ્રિન્સિપાલ અને આઈ.ક્યુ.એ.સી. કો-ઓર્ડિનેટર ડૉ. ઋત્વિજ જોશીના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું. જ આ કાર્યક્રમનાં સફળ આયોજન બદલ સંસ્થાના સેક્રેટરીશ્રી શીતલ પટેલ તેમજ તમામ ટ્રસ્ટીશ્રીઓ તથા સ્પેક મેનેજમેન્ટ દ્વારા હાર્દિક શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી.

## ડાંગની હરિયાળી વચ્ચે YHAI બિલીમોરા યુનિટનું ૧૦૧ કિ.મી. મોન્સૂન સાયકલિંગ

**વઘઈથી ડાંગના જંગલ વિસ્તારના રમણીય માર્ગો પર ૧૮ સાયકલિસ્ટોએ સાહસિક સાયકલિંગનો આનંદ માણ્યો**



કમલમ્, આહવા

ડાંગ જિલ્લાના મનમોહક જંગલો, વળાંકદાર રસ્તાઓ અને ચોમાસાની લીલીછમ પ્રકૃતિ વચ્ચે બિલીમોરા YHAI યુનિટ દ્વારા તા. ૧૬ ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ એક દિવસીય મોન્સૂન સાયકલિંગ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં કુલ ૧૮ સાયકલિસ્ટોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. સાયકલિંગ યાત્રાનો પ્રારંભ સવારે ૬:૧૫ કલાકે વઘઈ સર્કલ ખાતેથી કરવામાં આવ્યો હતો. સાયકલિસ્ટોએ વઘઈથી ડુંગરડા, ઝાવડા, ભેંસકાતરી, કાલીબેલ, બરડીપાડા, મહાલ, જામલાપાડા થઈ વન વિભાગ હસ્તકના રસ્તાઓ પરથી ટોકરદહાડ, ગૌર્યા અને ચિકટીયા પિંપરી સુધીનો સાહસિક પ્રવાસ ખેડ્યો હતો. ત્યારબાદ સાયકલિસ્ટો પરત વઘઈ પહોંચ્યા હતા. ચોમાસાની ભીની સડકો, ચારે તરફ છવાયેલી હરિયાળી અને ડાંગના જંગલનું નયનરમ્ય વાતાવરણ સાયકલિસ્ટો માટે વિશેષ આકર્ષણ બન્યું હતું. કાર્યક્રમ દરમિયાન સાયકલિસ્ટોએ કુદરતની નજીક રહીને સાહસ, ફિટનેસ અને પર્યાવરણપ્રેમનો અનોખો સંદેશ આપ્યો હતો. દરમિયાન નોંધાયેલા આ રાઈડના આંકડા મુજબ સાયકલિસ્ટોએ કુલ ૧૦૧.૧૮ કિ.મી.નું અંતર, આશરે ૧,૦૯૯ મીટરનું Elevation Gain અને ૫ કલાક ૨૮ મિનિટનો રાઈડિંગ સમય નોંધાવ્યો હતો. સમગ્ર રાઈડ પૂર્ણ કરીને સાયકલિસ્ટો બપોરે ૩:૪૫ કલાકે વઘઈ પરત ફર્યા હતા. આ મોન્સૂન સાયકલિંગ કાર્યક્રમમાં ટીમ લીડર તરીકે ડો. હિમાંશુ લાડ, મેહુલ લાડ, પ્રદીપ રાજપૂરોહિત, અપૂર્વા દેસાઈ અને કમલ મિસ્ત્રી સહિતના સાયકલિસ્ટોએ આયોજન અને ભાગીદારી કરી હતી. ઉપરાંત ડો. અર્ચનાબેન પટેલ, ડો. પિનલ લાડ, પૂર્વી લાડ અને અંકિતા લાડ સહિતના સભ્યો પણ કાર્યક્રમમાં જોડાયા હતા. YHAI બિલીમોરા યુનિટ દ્વારા આયોજિત આ સાયકલિંગ કાર્યક્રમથી ડાંગના કુદરતી સૌંદર્યને સાહસિક પ્રવાસન અને સાયકલિંગ સાથે જોડવાનો સુંદર પ્રયાસ થયો છે. ડાંગની હરિયાળી વચ્ચે યોજાયેલી આ મોન્સૂન રાઈડ સાયકલિસ્ટો માટે યાદગાર અનુભવ બની રહી હતી.

## ગાંધીનગર જિલ્લા કલેક્ટરશ્રી રવિન્દ્ર ખતાલેના અધ્યક્ષસ્થાને યોજાઈ જિલ્લા સંકલન અને ફરિયાદ નિવારણ સમિતિની બેઠક

**માણસાના ધારાસભ્યશ્રી જે.એસ. પટેલે 'ટીમ ગાંધીનગર'ને બિરદાવી: ઈટાદરામાં ભારે વરસાદ વચ્ચે ત્વરિત પાણી નિકાલની કામગીરીની કરી સરાહના**

**બેઠકમાં ભેળસેળ કરનાર દુકાનો સીલ કરવાથી લઈ રખડતા ઢોર અને શિક્ષણ-આરોગ્યના પ્રશ્નો અંગે મહત્વની પરિણામલક્ષી ચર્ચા કરવામાં આવી**



કમલમ્,

ગાંધીનગર જિલ્લા કલેક્ટર કચેરીના સભાખંડ ખાતે કલેક્ટરશ્રી રવિન્દ્ર ખતાલેના અધ્યક્ષસ્થાને જિલ્લા સંકલન અને ફરિયાદ નિવારણ સમિતિ ઓગષ્ટ-૨૦૨૬ની અગત્યની બેઠક યોજાઈ હતી, આ બેઠકમાં કલેક્ટરશ્રીએ પરસ્પર ઉત્તમ સંકલન જાળવીને નાગરિકોના પ્રશ્નોને પ્રાથમિકતા આપી તેનો સમયસર અને નિયમસર ઝડપી નિકાલ લાવવા માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. તથા જિલ્લા વહીવટી તંત્રના વિવિધ વિભાગોના આંતરિક પ્રશ્નો તથા જન સુવિધાઓ સંબંધિત મહત્વના મુદ્દાઓની વિસ્તૃત સમીક્ષા કરવામાં આવી હતી. આ બેઠક દરમિયાન માણસાના ધારાસભ્યશ્રી જે.એસ. પટેલ, દહેગામના ધારાસભ્યશ્રી બલરાજસિંહ ચૌહાણ અને કલોલના ધારાસભ્યશ્રી લક્ષ્મણજી ઠાકોર ઉપસ્થિત રહ્યા હતા અને પોતપોતાના વિસ્તારના જનપ્રશ્નો કલેક્ટરશ્રી સમક્ષ રજૂ કર્યા હતા. અત્રે ઉલ્લેખની એ છે કે, માણસાના ધારાસભ્યશ્રી જે.એસ. પટેલે ઈટાદરા ગામમાં ભારે વરસાદ છતાં અધિકારીઓની સમયસૂચકતા અને આયોજનબદ્ધ કામગીરીના લીધે પાણીનો ત્વરિત નિકાલ થવા બદલ 'ટીમ ગાંધીનગર'ની સરાહના કરી અભિનંદન પાઠવ્યા હતા. આ બેઠકમાં વર્તમાનમાં ચાલી રહેલ શ્રાવણ માસ અને આગામી તહેવારોની ઋતુ જેવાં કે નવરાત્રી અને દિવાળીને ધ્યાનમાં રાખીને લોકોના આરોગ્યની સુરક્ષા માટે ફૂડ સેફ્ટી અધિકારીઓને માવા, મીઠાઈ, પનીર અને ફરાળી વાનગીઓનું સઘન ચેકિંગ કરવા કડક આદેશ અપાયા હતા, તેમજ ભેળસેળ કરનારી હોટલો કે દુકાનોને તાત્કાલિક સીલ કરવા પણ જણાવાયું હતું. આ ઉપરાંત, સમગ્ર શિક્ષા અભિયાન હેઠળ ડ્રોપ આઉટ રેશિયો ઘટાડવા અને 'બેક ટુ સ્કૂલ' અભિયાન અંગે ઊંડાણપૂર્વક ચર્ચા કરવામાં આવી હતી.સાથે જ રખડતા ઢોરોની સમસ્યાથી થતા અકસ્માતો રોકવા પરિણામલક્ષી પગલાં ભરવા તેમજ 'જન વિકાસ ઝુંબેશ-૨૦૨૬' થકી તમામ જરૂરિયાતમંદો સુધી સરકારી યોજનાઓના લાભ પહોંચાડવા સુચના અપાઈ હતી. વિશેષમાં ટીબી મુક્ત ભારતના અભિયાન અંતર્ગત 'નિ-ક્ષય મિત્ર' બની દર્દીઓને દત્તક લેવા કલેક્ટરશ્રીએ પોતે તત્પરતા દર્શાવી તમામ અધિકારીઓને પણ યોગદાન આપવા અનુરોધ સાથે પ્રેરીત કર્યા હતા. તથા બેઠકમા UGVCL દ્વારા ગુજરાત વાયર ફ્રી સીટી અભિયાન અને સૌરઊર્જા અંગે પ્રેઝન્ટેશન રજૂ કરાયું હતું. આ સમીક્ષા બેઠકમાં અધિક નિવાસી કલેક્ટરશ્રી વિપુલ ઠક્કર, DRDA ડાયરેક્ટરશ્રી નિલોફર શેખ, એડિશનલ કલેક્ટરશ્રી અમિત પરમાર સહિત મામલતદારશ્રીઓ તથા આરોગ્ય, શિક્ષણ, પશુપાલન જેવા વિવિધ વિભાગોના અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના 'શક્તિ કી સપ્તધારા' વિઝનને સાકાર કરવા માટે કૃષિ અને ગ્રામીણ વિકાસ પરિવાર એકજૂથ થશે: શ્રી શિવરાજસિંહ ચૌહાણ



## પ્રધાનમંત્રી મોદીના 'વિકસિત ભારત'ના વિઝનને સાકાર કરવા માટે ભારતીય કૃષિને સમૃદ્ધ અને આત્મનિર્ભર બનાવીશું: શ્રી શિવરાજ સિંહ ચૌહાણ

કમલમ્,

સ્વતંત્રતા દિવસે લાલ કિલ્લા પરથી પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી દ્વારા જાહેર કરવામાં આવેલ 'શક્તિ કી સપ્તધારા'ને જમીન પર સાકાર કરવા માટે, કૃષિ અને ખેડૂત કલ્યાણ તથા ગ્રામીણ વિકાસ મંત્રાલય હેઠળના વિભાગો માટે એક કટિબદ્ધતા કાર્યક્રમનું આયોજન આજે સી. સુબ્રમણ્યમ ઓડિટોરિયમ, પૂસા ખાતે કેન્દ્રીય મંત્રી શ્રી શિવરાજ સિંહ ચૌહાણની પહેલ પર કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં કેન્દ્રીય કૃષિ અને ખેડૂત કલ્યાણ તથા ગ્રામીણ વિકાસ મંત્રી શ્રી શિવરાજ સિંહ ચૌહાણે અધિકારીઓ, કર્મચારીઓ, વૈજ્ઞાનિકો, ખેડૂતો, લખપતિ દીદીઓ, ફૂડ પ્રોસેસર્સ, નિકાસકારો અને ફાર્મર પ્રોડ્યુસર ઓર્ગેનાઈઝેશન (FPO) ના પ્રતિનિધિઓને વિકસિત, સમૃદ્ધ, આત્મનિર્ભર અને સશક્ત ભારતના નિર્માણમાં યોગદાન આપવા માટે સામૂહિક સંકલ્પ લેવડાવ્યો હતો. આ પ્રસંગે કેન્દ્રીય રાજ્ય મંત્રી શ્રી ભગીરથ ચૌધરી અને ડૉ. ચંદ્રશેખર પિમ્માસાની તેમજ ચારેય વિભાગોના સચિવો પણ ઉપસ્થિત રહ્યા હતા.

**શક્તિ કી સપ્તધારાના મુખ્ય ચાલક બળ તરીકે કૃષિ અને ફૂડ પ્રોસેસિંગ**

જનમેદનીને સંબોધતા શ્રી ચૌહાણે જણાવ્યું હતું કે પીએમ શ્રી નરેન્દ્ર મોદીએ 'શક્તિ કી સપ્તધારા' દ્વારા વિકસિત ભારતના નિર્માણ માટે સ્પષ્ટ રોડમેપ રજૂ કર્યો છે. કૃષિ અને ફૂડ પ્રોસેસિંગ આ વિઝનનો એક મહત્વપૂર્ણ સ્તંભ છે. તેમણે કહ્યું કે ભારતે માત્ર કૃષિ ઉત્પાદન વધારવા પર જ નહીં પરંતુ ગુણવત્તા, સુરક્ષા અને વૈશ્વિક ધોરણોનું પાલન સુનિશ્ચિત કરવા પર પણ ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ જેથી ભારતીય ખેડૂતોના ઉત્પાદનો આંતરરાષ્ટ્રીય બજારોમાં મજબૂત ઉપસ્થિતિ નોંધાવી શકે. શ્રી ચૌહાણે ઉમેર્યું હતું કે આ કાર્યક્રમ માત્ર એક ઔપચારિક કાર્યક્રમ ન હતો, પરંતુ સમગ્ર કૃષિ અને ગ્રામીણ વિકાસ ઈકોસિસ્ટમની સામૂહિક કટિબદ્ધતા હતી. ખેડૂતો, વૈજ્ઞાનિકો, અધિકારીઓ, કર્મચારીઓ, પ્રોસેસર્સ, નિકાસકારો, સ્વસહાય જૂથો (SHGs) સાથે જોડાયેલી મહિલાઓ અને ફાર્મર પ્રોડ્યુસર ઓર્ગેનાઈઝેશન આ પ્રયાસમાં સમાન ભાગીદાર છે. દરેક વ્યક્તિની એક મહત્વપૂર્ણ જવાબદારી છે અને પ્રધાનમંત્રીના વિઝનને સાકાર કરવા માટે સૌએ સાથે મળીને કામ કરવું પડશે.

**રાષ્ટ્ર પ્રથમ**

શ્રી ચૌહાણે જણાવ્યું હતું કે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ નાગરિકોને અંગત હિતોથી ઉપર રાષ્ટ્રીય હિતને રાખવા અને કર્તવ્યને તેમના જીવનનો મૂળભૂત સિદ્ધાંત બનાવવા માટે સ્પષ્ટ આહ્વાન કર્યું છે. તેમણે કહ્યું કે સરકારી સેવા એ રાષ્ટ્ર અને તેના લોકોની સેવા કરવાની કટિબદ્ધતા છે. ખેડૂતો, ગરીબો, માતાઓ, બહેનો અને ગ્રામીણ સમુદાયોની સેવા કરવી એ ભારત માતાની સેવા કરવા સમાન છે. પોતાની જવાબદારીઓ પ્રામાણિકતા અને નિષ્ઠાપૂર્વક નિભાવવી એ જ સાચી દેશભક્તિ છે. શ્રી ચૌહાણે જણાવ્યું હતું કે લાલ કિલ્લા પરથી પ્રધાનમંત્રીએ કરેલી કટિબદ્ધતાઓને પૂર્ણ કરવાની પ્રથમ જવાબદારી મંત્રીઓ, અધિકારીઓ અને કર્મચારીઓની છે. તેમણે તમામ અધિકારીઓ અને કર્મચારીઓને પોતપોતાના વિભાગો માટે સ્પષ્ટ લક્ષ્યો નક્કી કરવા, કોંક્રીટ રોડમેપ તૈયાર કરવા અને સમર્પણ, સચોટતા તથા સખત પરિશ્રમ સાથે તેનો અમલ કરવા આહ્વાન કર્યું હતું. તેમણે કહ્યું કે પ્રધાનમંત્રીના સંકલ્પો ત્યારે જ પૂરા થઈ શકે જ્યારે આપણે બધા તેને આપણા પોતાના માનીને તેને હાસિલ કરવા કામ કરીએ.

**ખેતરથી વૈશ્વિક બજારો સુધી**

શ્રી ચૌહાણે જણાવ્યું હતું કે ભારતીય કૃષિને ખેતરથી વૈશ્વિક બજારો સુધી જોડવી એ સમયની માંગ છે. ભારતીય ખેડૂતો મરચાં, મસાલા, ફળો, ફૂલો, પરંપરાગત ખાદ્ય ઉત્પાદનો અને અન્ય કેટલીક કૃષિ ચીજવસ્તુઓ સહિત વિવિધ પ્રકારના ઉત્પાદનો ઉત્પન્ન કરે છે. તેમણે કહ્યું કે આ ઉત્પાદનોની ગુણવત્તામાં સુધારો કરવો અને વૈશ્વિક બજારોની જરૂરિયાતો અનુસાર તેને તૈયાર કરવાથી ખેડૂતો માટે તકોનો નોંધપાત્ર વિસ્તાર થઈ શકે છે. ફૂડ પ્રોસેસિંગ, પેકેજિંગ, બ્રાન્ડિંગ અને નિકાસ દ્વારા ખેડૂતોની આવકમાં નોંધપાત્ર વધારો કરી શકાય છે. મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે ખેડૂતો, પ્રોસેસર્સ અને નિકાસકારો પરસ્પર જોડાયેલા છે, તેથી તમામ ભાગીદારોને એક સામાન્ય પ્લેટફોર્મ પર લાવવા અને સમન્વયિત રીતે કામ કરવાની જરૂર છે. શ્રી ચૌહાણે કહ્યું કે જો ભારતીય કૃષિ ઉત્પાદનો ગુણવત્તા, શુદ્ધતા અને વિશ્વસનીયતા દર્શાવશે તો વૈશ્વિક બજારો તેને સરળતાથી સ્વીકારશે. ભારત અને સમગ્ર વિશ્વમાં પ્રાકૃતિક ખેતી, જૈવિક ખેતી (ઓર્ગેનિક ફાર્મિંગ) અને રસાયણમુક્ત ખેતી દ્વારા ઉત્પાદિત ઉત્પાદનોની માંગ વધી રહી છે. તેથી ખેડૂતોને તકનીકી માર્ગદર્શન, માર્કેટ ઈન્ટેલિજન્સ અને સારી પ્રોસેસિંગ સુવિધાઓ પૂરી પાડવી જોઈએ.

**કૃષિ રોડમેપ પર ધ્યાન કેન્દ્રિત કરવું**

શ્રી ચૌહાણે જણાવ્યું હતું કે રાષ્ટ્રીય સ્તરના કૃષિ રોડમેપ ઉપરાંત દરેક રાજ્ય અને જિલ્લા માટે અલગ-અલગ કૃષિ રોડમેપ તૈયાર કરવા જોઈએ. તેમણે કહ્યું કે ભારતભરમાં વિવિધ પ્રદેશોમાં આબોહવા, જમીન, પાણીની ઉપલબ્ધતા અને પાકની પદ્ધતિઓ ભિન્ન હોય છે. તેથી, પાક ઉત્પાદન, પ્રોસેસિંગ અને માર્કેટિંગ માટેની યોજનાઓ સ્થાનિક પરિસ્થિતિઓ અનુસાર તૈયાર કરવી જોઈએ. તેમણે દેશી અને આંતરરાષ્ટ્રીય બજારોમાં વિવિધ પાકોની માંગનું વૈજ્ઞાનિક મૂલ્યાંકન કરવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. આવા મૂલ્યાંકન આધારે, ખેડૂતો સાથે સંવાદ સાધીને તેમને યોગ્ય પાક અપનાવવા, ગુણવત્તા સુધારવા અને આધુનિક કૃષિ પદ્ધતિઓનો ઉપયોગ કરવા પ્રોત્સાહિત કરી શકાય છે. કૃષિ સંશોધન અને શિક્ષણ વિભાગ (DARE), ઈન્ડિયન કાઉન્સિલ ઓફ એગ્રીકલ્ચરલ રિસર્ચ (ICAR), કૃષિ વિજ્ઞાન કેન્દ્રો (KVKs), રાજ્ય સરકારો અને અન્ય સંસ્થાઓએ ખેડૂતો સુધી નવી ટેકનોલોજી પહોંચાડવા માટે સાથે મળીને કામ કરવું જોઈએ. શ્રી ચૌહાણે ઉમેર્યું કે ટેકનોલોજી, યાંત્રિકીકરણ, આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI), સુધારેલા બિયારણો અને આધુનિક કૃષિ પદ્ધતિઓનો વધુ ઉપયોગ ઉત્પાદન અને ઉત્પાદકતા બંને વધારવામાં મદદ કરી શકે છે.

**ઉત્પાદન વધારવું, ખર્ચ ઘટાડવો**

કેન્દ્રીય મંત્રી શ્રી શિવરાજ સિંહ ચૌહાણે જણાવ્યું હતું કે કૃષિ ક્ષેત્ર માટે સરકારની પ્રાથમિકતાઓ ઉત્પાદન વધારવું, ખર્ચ ઘટાડવો, ગુણવત્તા સુધારવી અને ખેડૂતો માટે પોષણક્ષમ ભાવ સુનિશ્ચિત કરવાની છે. તેમણે કહ્યું કે ખેડૂતોને હવામાન, બજાર અને ઉત્પાદન સંબંધિત સમયસર અને સચોટ માહિતી મળવી જોઈએ. પ્રાકૃતિક ખેતી, જૈવિક ખેતી, સિંચાઈ, જળ સંરક્ષણ, પાક વિવિધતા અને કૃષિ-આધારિત આવકના અન્ય સ્ત્રોતો પર વિશેષ ધ્યાન આપવામાં આવી રહ્યું છે. ખેડૂતોની આવક વધારવા માટે સંકલિત ખેતી પદ્ધતિઓ (ઈન્ટિગ્રેટેડ ફાર્મિંગ) અને સ્થાનિક સંસાધનો પર આધારિત મોડલ વિકસાવવા જોઈએ. શ્રી ચૌહાણે કહ્યું કે કૃષિ ક્ષેત્રની સિદ્ધિઓ નોંધપાત્ર છે, પરંતુ તે પડાવો છે, અંતિમ મંજિલ નથી. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ નવા લક્ષ્યો નક્કી કર્યા છે, અને તમામ વિભાગોએ તેને પ્રાપ્ત કરવા માટે વધુ ઝડપ અને ગંભીરતાથી કામ કરવું પડશે.

**છ કરોડ લખપતિ દીદીઓનો લક્ષ્યાંક**

ગ્રામીણ વિકાસમાં લખપતિ દીદી પહેલના મહત્વ પર પ્રકાશ પાડતા શ્રી ચૌહાણે જણાવ્યું હતું કે ત્રણ કરોડ ગ્રામીણ મહિલાઓને લખપતિ દીદી બનાવવાનો લક્ષ્યાંક હાસિલ કરી લેવામાં આવ્યો છે. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ હવે છ કરોડ લખપતિ દીદીઓ બનાવવાનો લક્ષ્યાંક રાખ્યો છે. તેમણે કહ્યું કે વધુ ત્રણ કરોડ લખપતિ દીદીઓ બનાવવાથી ગ્રામીણ અર્થતંત્રમાં મોટું પરિવર્તન આવશે. સ્વસહાય જૂથો સાથે જોડાયેલી મહિલાઓને કૌશલ્ય વિકાસ, નાણાકીય સહાય, બજાર સુવિધાઓ અને સાહસિકતા માટેની તકો પૂરી પાડવામાં આવી રહી છે. શ્રી ચૌહાણે જણાવ્યું હતું કે ગ્રામીણ મહિલાઓ દ્વારા બનાવવામાં આવતા ઉત્પાદનોને સાર્વત્રિક બજાર સુવિધા પૂરી પાડવા માટે 'શી-માર્ટ્સ' (She-Marts) અને બ્રાન્ડિંગ જેવી પહેલોને પ્રોત્સાહન આપવામાં આવશે. ગ્રામીણ મહિલાઓ દ્વારા તૈયાર કરાતી હસ્તકલા, ખાદ્ય ઉત્પાદનો, આયુર્વેદિક ઉત્પાદનો, પરંપરાગત ચીજવસ્તુઓ અને અન્ય ઉત્પાદનોને ભારત અને વિદેશના બજારો સુધી પહોંચાડવા પ્રયાસો કરવામાં આવશે. તેમણે ઉમેર્યું કે મહિલા સશક્તિકરણ માત્ર મહિલાઓની આવક વધારવા પૂરતું મર્યાદિત નથી, તે કુટુંબો, ગામડાઓ અને સમગ્ર ગ્રામીણ અર્થતંત્રને મજબૂત બનાવે છે. ગ્રામીણ મહિલાઓને આત્મનિર્ભર બનાવવી એ વિકસિત ભારતના નિર્માણ માટે એક મહત્વપૂર્ણ પૂર્વશરત છે.

**ગામડાઓમાં વિકાસનું નિરીક્ષણ**

શ્રી ચૌહાણે જણાવ્યું હતું કે વિકસિત ગામડાઓ વિના વિકસિત ભારતનું વિઝન સાકાર થઈ શકે નહીં. ગ્રામીણ વિસ્તારોમાં પાકા મકાનો, રસ્તાઓ, જળ સંરક્ષણ, રોજગાર, રોજીરોટી, મહિલા સશક્તિકરણ અને કૃષિ-આધારિત પ્રવૃત્તિઓનો વિકાસ ઝડપી બનાવવાના પ્રયાસો થઈ રહ્યા છે. તેમણે કહ્યું કે તમામ ગ્રામીણ વિકાસ યોજનાઓની અસર જમીન પર દેખાવી જોઈએ. અધિકારીઓ અને કર્મચારીઓએ પોતાની ઓફિસોમાંથી બહાર નીકળીને યોજનાઓની વાસ્તવિક સ્થિતિનું મૂલ્યાંકન કરવા માટે ક્ષેત્રીય મુલાકાતો લેવી જોઈએ. વિભાગીય ડેટા અને જમીની વાસ્તવિકતાઓ વચ્ચે વધુ સારું સંકલન અત્યંત જરૂરી છે. કેન્દ્રીય મંત્રીએ જળ સુરક્ષા, નદી પુનરુજીવન, જમીન સંસાધનોનું સંરક્ષણ અને ગ્રામીણ જીવિકા સંબંધિત કાર્યક્રમોના અમલીકરણને ઝડપી બનાવવા પર પણ ભાર મૂક્યો હતો. તેમણે કહ્યું કે સરકારી યોજનાઓની સફળતાનું સાચું મૂલ્યાંકન ગામડાઓ અને લાભાર્થીઓના સ્તરે જ થવું જોઈએ.

**સફળતાના ચાર મંત્રો**

અધિકારીઓ અને કર્મચારીઓને પોતાની જવાબદારીઓ પ્રત્યે સમર્પિત રહેવા આહ્વાન કરતા શ્રી ચૌહાણે સફળતાના ચાર મંત્રો શેર કર્યા: "પાંવ મેં ચક્કર, મુંહ મેં શક્કર, સીને મેં આગ અને માથે પર બર્ફ". આ ચાર સિદ્ધાંતો સમજાવતા તેમણે કહ્યું કે 'પાંવ મેં ચક્કર'નો અર્થ છે સતત ગતિશીલ રહેવું અને કામગીરીના અમલીકરણની સમીક્ષા કરવા માટે જ્યારે પણ જરૂર પડે ત્યારે ક્ષેત્રીય મુલાકાત લેવી. 'મુંહ મેં શક્કર'નો અર્થ છે સહકર્મીઓ અને જનતા પ્રત્યે સૌહાર્દપૂર્ણ અને આદરપૂર્વકનો અભિગમ જાળવીને એક મજબૂત ટીમનું નિર્માણ કરવું. 'સીને મેં આગ' પોતાના લક્ષ્યોને પ્રાપ્ત કરવા માટેના જુસ્સા અને દ્રઢ સંકલ્પનું પ્રતિનિધિત્વ કરે છે, જ્યારે 'માથે પર બર્ફ' નો અર્થ મુશ્કેલ પરિસ્થિતિઓમાં ધૈર્ય, સંયમ અને સંતુલન જાળવવું છે. તેમણે કહ્યું કે જો પ્રથમ પ્રયાસમાં સફળતા ન મળે, તો નિરાશ થવું જોઈએ નહીં પરંતુ પ્રયાસો ચાલુ રાખવા જોઈએ. સતત મહેનત અને ધૈર્ય અનિવાર્યપણે સફળતા તરફ દોરી જાય છે.

**ભાગીદારી એ સફળતાની ચાવી છે**

કેન્દ્રીય મંત્રી શ્રી ચૌહાણે જણાવ્યું હતું કે કૃષિ અને ગ્રામીણ વિકાસ સાથે જોડાયેલા તમામ ભાગીદારોએ સાથે મળીને કામ કરવું જોઈએ. ખેડૂતો, વૈજ્ઞાનિકો, અધિકારીઓ, કર્મચારીઓ, પ્રોસેસર્સ, નિકાસકારો, ફાર્મર પ્રોડ્યુસર ઓર્ગેનાઈઝેશન અને સ્વસહાય જૂથો આ પ્રક્રિયાના અભિન્ન અંગો છે. તેમણે કહ્યું કે કૃષિ સંશોધન સંસ્થાઓ અને કૃષિ વિજ્ઞાન કેન્દ્રોએ ખેડૂતોની વાસ્તવિક જરૂરિયાતો પર આધારિત સંશોધન અને તકનીકી ઉકેલો પૂરા પાડવા જોઈએ. ખેતરથી બજાર સુધીની સમગ્ર મૂલ્ય શૃંખલા (વેલ્યુ ચેઈન) ને મજબૂત કરવાથી ખેડૂતોને સારી આવક અને ગ્રાહકોને ગુણવત્તાયુક્ત ઉત્પાદનો મળશે, તેમ તેમણે ઉમેર્યું હતું. શ્રી ચૌહાણે કહ્યું કે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ભારત આત્મનિર્ભરતા અને વિકસિત ભારતના લક્ષ્ય તરફ ઝડપથી આગળ વધી રહ્યું છે. આ યાત્રામાં કૃષિ અને ગ્રામીણ વિકાસ વિભાગોની મહત્વપૂર્ણ ભૂમિકા છે.

**સહભાગીઓએ તેમના અનુભવો શેર કર્યા**

કાર્યક્રમ દરમિયાન ખેડૂતો, લખપતિ દીદીઓ, નિકાસકારો અને ફાર્મર પ્રોડ્યુસર ઓર્ગેનાઈઝેશનના સભ્યોએ પોતાના અનુભવો શેર કર્યા હતા. શ્રીમતી લલિતાએ લખપતિ દીદી પહેલ અને મહિલા સશક્તિકરણ તેમજ ગ્રામીણ મહિલાઓની સિદ્ધિઓ સંબંધિત પોતાના અનુભવો શેર કર્યા હતા. શ્રી વિનોદ કુમાર સૈનીએ કૃષિ અને ખેતી ક્ષેત્રના પોતાના અનુભવો શેર કર્યા હતા, જેમાં ઉત્પાદન, ટેકનોલોજી અને બજારો સંબંધિત મુદ્દાઓ પર પ્રકાશ પાડ્યો હતો. શ્રી મુકેશ જૈને કૃષિ ઉત્પાદનોના પ્રોસેસિંગ અને માર્કેટિંગ સંબંધિત સૂચનો આપ્યા હતા, જ્યારે શ્રી પ્રફુલ ગોસ્વામીએ ફાર્મર પ્રોડ્યુસર ઓર્ગેનાઈઝેશન અને ખેડૂતોને બજારો સાથે જોડવા અંગે પોતાના વિચારો રજૂ કર્યા હતા. ખેડૂતો, લખપતિ દીદીઓ, નિકાસકારોના પ્રતિનિધિઓ, ફૂડ પ્રોસેસર્સ અને એફપીઓ (FPOs) પણ કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા. તમામ સહભાગીઓએ ખેડૂતોની આવક વધારવા, ગુણવત્તાયુક્ત ઉત્પાદનને પ્રોત્સાહન આપવા અને ગ્રામીણ મહિલાઓને આર્થિક રીતે સશક્ત બનાવવા માટે સાથે મળીને કામ કરવાની પોતાની કટિબદ્ધતા વ્યક્ત કરી હતી.

**સચિવોએ વિભાગીય રોડમેપ અને પ્રાથમિકતાઓ રજૂ કરી**

ચારેય વિભાગોના સચિવોએ પોતપોતાના વિભાગોના રોડમેપ અને પ્રાથમિકતાઓ પણ રજૂ કરી હતી. કૃષિ સંશોધન અને શિક્ષણ વિભાગના સચિવ અને ઈન્ડિયન કાઉન્સિલ ઓફ એગ્રીકલ્ચરલ રિસર્ચના નિયામક જનરલ ડૉ. માંગીલાલ જાટે કૃષિ સંશોધન, નવી ટેકનોલોજી અને વૈજ્ઞાનિક નવીનતા વિશે વાત કરી હતી. કૃષિ અને ખેડૂત કલ્યાણ વિભાગના સચિવ શ્રી અતિશ ચંદ્રએ કૃષિ ઉત્પાદન, ખેડૂતોની આવક અને ગુણવત્તામાં સુધારો લાવવા સંબંધિત મુદ્દાઓ પર વાત કરી હતી. ગ્રામીણ વિકાસ વિભાગના સચિવ શ્રી રોહિત કંસલે લખપતિ દીદી પહેલ, ગ્રામીણ જીવિકા અને સમૃદ્ધ ગામડાઓના વિકાસ સંબંધિત પ્રાથમિકતાઓની રૂપરેખા આપી હતી. જમીન સંસાધન વિભાગના સચિવ શ્રી નરેન્દ્ર ભૂષણે જમીન સંરક્ષણ, જળ સંચાલન અને કુદરતી સંસાધનોના બહેતર ઉપયોગ અંગે પોતાના વિચારો શેર કર્યા હતા.

**સામૂહિક સંકલ્પ સાથે આગળ વધવાનું આહ્વાન**

કાર્યક્રમના અંતે, કેન્દ્રીય મંત્રી શ્રી શિવરાજ સિંહ ચૌહાણે ઉપસ્થિત તમામ લોકોને સામૂહિક સંકલ્પ લેવડાવ્યો હતો, જેમાં પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી દ્વારા સ્વતંત્રતા દિવસે જાહેર કરાયેલ 'શક્તિ કી સપ્તધારા'ને સાકાર કરવા માટે સંપૂર્ણ સમર્પણ, કટિબદ્ધતા અને ક્ષમતા સાથે કામ કરવાનું આહ્વાન કરવામાં આવ્યું હતું. સંકલ્પના ભાગરૂપે, સહભાગીઓએ કૃષિને વધુ સમૃદ્ધ બનાવવા, ખાદ્ય ઉત્પાદન મજબૂત કરવા, ફૂડ પ્રોસેસિંગનો વિસ્તાર કરવા, ભારતીય કૃષિ ઉત્પાદનોને વૈશ્વિક બજારો સુધી પહોંચાડવા, ખેડૂતોની આવક વધારવા અને તેમની સખત મહેનત માટે યોગ્ય સન્માન સુનિશ્ચિત કરવાનો સંકલ્પ લીધો હતો. સહભાગીઓએ ત્રણ કરોડ લખપતિ દીદીઓના લક્ષ્યાંકને પ્રાપ્ત કર્યા બાદ હવે છ કરોડ લખપતિ દીદીઓ બનાવવાના લક્ષ્ય તરફ કામ કરવાનો, અંગત હિતોથી ઉપર રાષ્ટ્રીય હિત મૂકવાનો અને કર્તવ્યને પોતાના જીવનનો મૂળભૂત સિદ્ધાંત બનાવવાનો પણ સંકલ્પ લીધો હતો. શ્રી ચૌહાણે જણાવ્યું હતું કે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ વિકસિત ભારતની કલ્પના કરી છે, અને તે વિઝનને સંકલ્પ, ક્ષમતા અને સફળતામાં બદલવું એ સૌની સામૂહિક જવાબદારી છે. તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે કૃષિ અને ગ્રામીણ વિકાસ સાથે જોડાયેલા તમામ લોકો સાથે મળીને કામ કરશે અને સમૃદ્ધ, સશક્ત, આત્મનિર્ભર અને વિકસિત ભારતના નિર્માણમાં પોતાનું શ્રેષ્ઠ યોગદાન આપશે.

# પાલીતાણા હોસ્પિટલમાં સ્થળ પર ૨.૫૫ લાખ લીટર ક્ષમતાની ભૂગર્ભ પાણીની ટાંકી ન હોવા છતાં બિલ ૫૦.૪૩ લાખ મંજૂર કરવાના મામલે આરોગ્ય મંત્રીશ્રી પ્રફુલ પાનશેરીયાની કડક કાર્યવાહી

## બિલ રજૂ કરનાર જવાબદાર અધિકારી સામે પોલીસ ફરિયાદ અને સસ્પેન્શનની સૂચના; ધર્મનંદન કન્સ્ટ્રક્શન-સુરતને બ્લેકલિસ્ટમાં મુકવા તથા બે ઈજનેરો સામે સસ્પેન્શન (બરતરફ)ની કાર્યવાહી કરવા આદેશ થવા સુચના આપી



**"રાજ્યની આરોગ્ય સેવાઓ માટે ફાળવવામાં આવતા જાહેર નાણાંના ઉપયોગમાં કોઈપણ પ્રકારની બેદરકારી, ગેરરીતિ કે અનિયમિતતા ચલાવી લેવામાં આવશે નહીં." – આરોગ્ય મંત્રીશ્રી પ્રફુલ પાનશેરીયા**

કમલમ્,

રાજ્યના આરોગ્ય મંત્રીશ્રી પ્રફુલ પાનશેરીયાએ પાલીતાણા હોસ્પિટલની તાજેતરની મુલાકાત દરમિયાન હોસ્પિટલ માટે મંજૂર કરવામાં આવેલી ૨.૫૫ લાખ લીટર ક્ષમતાની ભૂગર્ભ પાણીની ટાંકી સ્થળ પર ન હોવાનું ધ્યાનમાં આવતા સમગ્ર મામલે ગંભીર નોંધ લીધી હતી. મહત્વપૂર્ણ બાબત એ છે કે સ્થળ પર પાણીની ટાંકીનું કામ થયેલું ન હોવા છતાં તેનું બિલ ? ૫૦.૪૩ લાખનું મંજૂર કરવા વડી કચેરીમાં રજૂ કરવામાં આવેલ હોવાનું ધ્યાને આવ્યું હતું. આ ગંભીર બેદરકારીના પગલે આરોગ્ય મંત્રીશ્રી પ્રફુલ પાનશેરીયાએ તાત્કાલિક અસરથી વીડિયો કોન્ફરન્સના માધ્યમથી પાલીતાણા હોસ્પિટલ તથા પ્રોજેક્ટ ઈમ્પ્લિમેન્ટેશન યુનિટ (PIU)ના સંબંધિત અધિકારીઓ સાથે બેઠક યોજી સમગ્ર ઘટનાની વિગતવાર સમીક્ષા કરી હતી. બેઠક દરમિયાન બિલ મંજૂર કરાવવાની પ્રક્રિયામાં જવાબદારી નિભાવનાર અધિકારીઓની ભૂમિકા અંગે ગંભીર નોંધ લેતા આરોગ્ય મંત્રીશ્રીએ બિલ રજૂ કરનાર (૧) શ્રી મેહુલ દવે (ઈન્ચાર્જ કાર્યપાલક ઈજનેર), (૨) શ્રી એન.વી. કાલીયા (નાયબ કાર્યપાલક ઈજનેર) સામે પોલીસ ફરિયાદ નોંધાવવા સ્પષ્ટ સૂચના આપવામાં આવી. આ સમગ્ર મામલામાં સંડોવાયેલી ધર્મનંદન કન્સ્ટ્રક્શન-સુરતને બ્લેકલિસ્ટ કરવાની કાર્યવાહી કરવા તેમજ ફરજમાં બેદરકારી બદલ બે સંબંધિત ઈજનેરો સામે ફરજમુકતની કાર્યવાહી કરવા પણ આરોગ્ય મંત્રીશ્રીએ PIU ના અધિકારીશ્રીઓને આદેશ આપેલ છે. આરોગ્ય મંત્રીશ્રી પ્રફુલ પાનશેરીયાએ સ્પષ્ટપણે જણાવ્યું હતું કે રાજ્યની આરોગ્ય સેવાઓ માટે ફાળવવામાં આવતા જાહેર નાણાંના ઉપયોગમાં કોઈપણ પ્રકારની બેદરકારી, ગેરરીતિ કે અનિયમિતતા ચલાવી લેવામાં આવશે નહીં. સરકારી આરોગ્યલક્ષી વિકાસકાર્યોમાં ગુણવત્તા, પારદર્શિતા અને જવાબદારી સુનિશ્ચિત કરવી એ રાજ્ય સરકારની સર્વોચ્ચ પ્રાથમિકતા છે. જનતાના નાણાંનો એક પણ રૂપિયો બિનજવાબદારીપૂર્વક ખર્ચાય નહીં અને મંજૂર થયેલા વિકાસકાર્યો સ્થળ પર વાસ્તવિક રીતે, ગુણવત્તાપૂર્વક અને નિર્ધારિત ધોરણો અનુસાર પૂર્ણ થાય તે માટે આરોગ્ય વિભાગ દ્વારા કડક દેખરેખ રાખવામાં આવી રહી છે. આ સમગ્ર કાર્યવાહી દ્વારા આરોગ્ય વિભાગે સ્પષ્ટ સંદેશ આપ્યો છે કે સરકારી કામોમાં બેદરકારી કે ગેરરીતિ કરનાર કોઈપણ વ્યક્તિ કે એજન્સી સામે જવાબદારી નક્કી કરી કડક કાર્યવાહી કરવામાં આવશે.

# કેન્દ્રીય મંત્રી શ્રી મનસુખભાઈ માંડવિયાએ સુપેડી ખાતે બે ટ્રેનના વધારાના સ્ટોપેજનો શુભારંભ કરાવ્યો



કમલમ્,રાજકોટ

કેન્દ્રીય શ્રમ અને રોજગાર, યુવા બાબતો અને રમતગમત મંત્રી શ્રી મનસુખભાઈ માંડવિયાએ ધોરાજીના સુપેડી રેલવે સ્ટેશન ખાતે પોરબંદર-રાજકોટ દૈનિક એક્સપ્રેસ અને પોરબંદર-ભાવનગર પેસેન્જર ટ્રેનોના વધારાના સ્ટોપેજનો શુભારંભ કરાવ્યો હતો. કેન્દ્રીય મંત્રીશ્રી અને અન્ય મહાનુભાવોએ બંને ટ્રેનને લીલીઝંડી આપી હતી. આ તકે કેન્દ્રીય મંત્રી શ્રી મનસુખભાઈ માંડવિયાએ જણાવ્યું હતું કે, સુપેડીના ગ્રામજનોની માગણીને સ્વીકારીને સરકાર દ્વારા વધારાની ટ્રેનનાં સ્ટોપેજને મંજૂરી આપવામાં આવી છે. આ ટ્રેન સમયસર તેમજ ભાડું સસ્તું હોવાથી નોકરિયાતો, ધંધા વ્યવસાય સાથે જોડાયેલા લોકો, વિદ્યાર્થીઓને શિક્ષણ માટે આવાગમન માટે ટ્રેન ખૂબ જ મહત્વની અને ઉપયોગી બનશે. કેન્દ્રીય મંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું કે, ટ્રેનની મુસાફરીથી સમય અને પૈસાની બચત થાય તેમજ અકસ્માત અને ટ્રાફિકની સમસ્યાથી મુસાફરોને રાહત મળતી હોવાથી તમામ મુસાફરો માટે ટ્રેનની મુસાફરી ખૂબ જ સરળ અને વ્યાજબી મુસાફરી બની રહેશે. કેન્દ્રીય મંત્રીશ્રીએ વિશેષમાં જણાવ્યું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ટ્રેન કનેક્ટિવિટી સાથે જનસુખાકારી અને જનસુવિધામાં વધારો કરવા સરકાર કટિબદ્ધ છે. આ તકે તેમણે સુપેડી અને આસપાસનાં ગ્રામજનો અને રેલવે કર્મચારીઓને અભિનંદન પાઠવ્યા હતા. રેલવેના વાણિજ્ય પ્રબંધક શ્રી અતુલ કુમાર ત્રિપાઠીએ આ તકે સુપેડી ખાતે સ્ટોપ થનાર ટ્રેનોની જાણકારી આપી હતી. જેમાં ટ્રેન નંબર ૧૯૫૭૧/૧૯૫૭૨ રાજકોટ-પોરબંદર-રાજકોટ દૈનિક એક્સપ્રેસ તથા ટ્રેન નંબર ૫૯૫૫૭/૫૯૫૬૦ પોરબંદર-ભાવનગર-પોરબંદર પેસેન્જરને સુપેડી રેલવે સ્ટેશન પર પ્રાયોગિક ધોરણે વધારાનું સ્ટોપેજ આપવામાં આવ્યું છે.

સુપેડી સ્ટેશન પર ટ્રેનોના આગમન/પ્રસ્થાનનો સમય:

- ટ્રેન નંબર ૫૯૫૫૭ પોરબંદર-ભાવનગર પેસેન્જર આગમન સમય ૦૯:૦૯ કલાકે, પ્રસ્થાન ૦૯:૧૦ કલાકે.
- ટ્રેન નં. ૫૯૫૬૦ ભાવનગર-પોરબંદર પેસેન્જર આગમન ૧૯:૩૨ કલાકે તેમજ પ્રસ્થાન ૧૯:૩૩ કલાકે.
- ટ્રેન નં. ૧૯૫૭૧ રાજકોટ-પોરબંદર દૈનિક એક્સપ્રેસ આગમન ૦૯:૨૫ કલાકે, પ્રસ્થાન ૦૯:૨૬ કલાકે.
- ટ્રેન નં. ૧૯૫૭૨ પોરબંદર-રાજકોટ દૈનિક એક્સપ્રેસ ટ્રેન આગમન ૧૮:૧૨ કલાકે તેમજ પ્રસ્થાન ૧૮:૧૩ કલાકે રહેશે.

આ વધારાના સ્ટોપેજથી સુપેડી તથા આસપાસના વિસ્તારોના મુસાફરોને રાજકોટ, પોરબંદર, ભાવનગર સહિત વિવિધ ગંતવ્યો માટે વધુ સારી રેલ કનેક્ટિવિટી તથા સુવિધાજનક મુસાફરીનો લાભ મળશે. આ પ્રસંગે ભાવનગર મંડળના રેલ પ્રબંધક શ્રી દિનેશ વર્મા સહિત અન્ય વરિષ્ઠ અધિકારીઓ, રેલવે કર્મચારીઓ, અગ્રણી શ્રી નિકુંજભાઈ કણસાગરા, રવિભાઈ માકડીયા, પારુલબેન સહિત અગ્રણીશ્રીઓ તેમજ સુપેડીના ગ્રામજનો ઉપસ્થિત રહ્યાં હતાં. ત્યારબાદ કેન્દ્રીય મંત્રી શ્રી મનસુખભાઈ માંડવિયા સાજડીયાળી ગામે નવનિર્મિત શ્રી રામચંદ્ર ભગવાનના મંદિરના ત્રિદિવસીય મૂર્તિ પ્રાણ-પ્રતિષ્ઠા મહોત્સવમાં સહભાગી થયા હતા.

અહીં કેન્દ્રીય મંત્રીશ્રી તથા વૈષ્ણવાચાર્ય શ્રી શરદકુમાર બાવાશ્રીની ઉપસ્થિતિમાં મહોત્સવનો શુભારંભ થયો હતો. આ તકે ધારાસભ્ય શ્રી જયેશભાઈ રાદડિયા, પૂર્વ સાંસદ શ્રી રમેશભાઈ ધડુક સહિતના અગ્રણીઓ જોડાયા હતા.

# જનપ્રતિનિધિઓએ 'લોકસેવક' બનીને શ્રેષ્ઠવહીવટ કરવો જોઈએ: કેન્દ્રીય મંત્રીશ્રી ડૉ. મનસુખભાઈ માંડવિયા

## અતિવૃષ્ટિમાં રૂ. ૧૦ હજાર કરોડનું પેકેજ જાહેર કરી રાજ્ય સરકાર ખેડૂતોની પડખે રહી હતી: કેન્દ્રીય મંત્રીશ્રી ડો. મનસુખભાઈ માંડવિયા



**આયુષ્યમાન કાર્ડ રિન્યૂ કરવા રાજકોટ જિલ્લા વહીવટીતંત્ર દ્વારા વિશેષ ઝુંબેશ શરૂ કરાઈ: ડો. ઓમ પ્રકાશ**

### રાજકોટ જિલ્લા પંચાયત દ્વારા જામકંડોરણા, ગોંડલ ખાતે પંચાયતી રાજ સંસ્થાઓના ચૂંટાયેલા જનપ્રતિનિધિઓનો પ્રશિક્ષણ વર્ગ યોજાયો

કમલમ્,રાજકોટ

રાજકોટ જિલ્લા પંચાયત દ્વારા પંચાયતી રાજ સંસ્થાઓના ચૂંટાયેલા જનપ્રતિનિધિઓના માર્ગદર્શન સેમિનારમાં કેન્દ્રીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી ડૉ. મનસુખભાઈ માંડવિયાએ સભ્યોને 'લોકસેવક' બનીને શ્રેષ્ઠ વહીવટ અને કામગીરી કરવા પ્રેરણા આપી હતી. રાજકોટ જિલ્લા પંચાયત દ્વારા આજે જામકંડોરણા તથા ગોંડલ ખાતે સરપંચો અને ગ્રામ, તાલુકા પંચાયતના સભ્યો માટે વિશેષ માર્ગદર્શન સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં જનપ્રતિનિધિઓને સંબોધિત કરતા કેન્દ્રીય મંત્રીશ્રી ડૉ. મનસુખભાઈ માંડવિયાએ જણાવ્યું હતું કે, અધિકારીઓને વહીવટમાં ઉત્કૃષ્ટતા મેળવવા માટે સતત તાલીમ આપવામાં આવે છે, તેવી જ રીતે પાંચ વર્ષ માટે ચૂંટાઈને આવતા જનપ્રતિનિધિઓ પણ સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં શ્રેષ્ઠ વહીવટ આપી શકે તે હેતુથી આ તાલીમનું આયોજન કરવામાં આવ્યું છે. તેમણે ઉમેર્યું હતું કે, લોકશાહી વ્યાવસ્થામાં કોઈ શાસક નથી પરંતુ સૌ 'લોકસેવક' છે. દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ પણ પોતાને 'પ્રધાન સેવક' ગણાવ્યા છે. દિલ્હીમાં રાષ્ટ્રપતિ ભવનથી ઈન્ડિયા ગેટ સુધીના રસ્તાનું નામ 'રાજપથ' માંથી બદલીને 'કર્તવ્યપથ' કરવામાં આવ્યું છે, જે દર્શાવે છે કે દરેક જનપ્રતિનિધિમાં દેશ પ્રત્યે કર્તવ્ય ભાવ હોવો અત્યંત જરૂરી છે. પોતાના ૨૫ વર્ષના જનપ્રતિનિધિ તરીકેના અને ૧૫ વર્ષના સરકારમાં કામગીરીના અનુભવો વહેંચતા કેન્દ્રીય મંત્રીએ ઉમેર્યું હતું કે, જનપ્રતિનિધિએ માત્ર રોડ, રસ્તા કે પાણીના કામો પૂરતા સીમિત ન રહેતા, સામાજિક બદલાવ માટે જનજાગૃતિના કામો કરવા જોઈએ. તેમણે ગ્રામ પંચાયતના સભ્યોને ગામમાં નિયમિત બેઠકો યોજીને સિંગલ યુઝ પ્લાસ્ટિકનો વપરાશ અટકાવવા, કચરાનો યોગ્ય નિકાલ કરી ગામને સ્વચ્છ રાખવા, ચોમાસા દરમિયાન રોગચાળો ન ફેલાય તે માટે આરોગ્ય વિષયક જાગૃતિ કેમ્પ યોજવા, યુવાનોને નશાથી દૂર રાખવા વ્યાપક લોકજાગૃતિના પ્રયાસો કરવા આહ્વાન કર્યું હતું. આ તકે ખેડૂતોના હિત માટે રાજ્ય સરકાર દ્વારા લેવાયેલા નિર્ણયોની વિગતો આપતા કેન્દ્રીય મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, અતિવૃષ્ટિના સમયે ખેડૂતોને રાહત આપવા રૂ. ૧૦ હજાર કરોડનું પેકેજ જાહેર કરી સમયસર સહાય ચૂકવવામાં આવી હતી. આ ઉપરાંત, એમ.એસ.પી. અંતર્ગત ખેડૂતો પાસેથી ૧૦૦ ટકા મગફળીની ટેકાના ભાવે ખરીદી કરીને સરકાર ખેડૂતોના પડખે રહી છે. તેમણે પંચાયતના ચૂંટાયેલા પ્રતિનિધિઓને પોતાની સત્તા અને ફરજો પ્રત્યે સભાન રહીને ગામના વિકાસ માટે, સ્વચ્છતા અભિયાન માટે અને "મારું ગામ, આદર્શ ગ્રામ"ના સૂત્રને સાકાર કરવા નિષ્ઠાપૂર્વક કાર્યરત રહેવા અપીલ કરી હતી. આ તકે ટીબીમુક્ત ભારત અભિયાન અંતર્ગત લાભાર્થીઓને પોષણ કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું. ગોંડલ ખાતેના કાર્યક્રમમાં જિલ્લા કલેક્ટરશ્રી ડૉ. ઓમ પ્રકાશે જણાવ્યું હતું કે, આયુષ્યમાન કાર્ડ રિન્યૂ કરવામાં નાગરિકોને તકલીફ ન પડે તે માટે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા વિશેષ ઝુંબેશ શરૂ કરવામાં આવી છે. જેમના કાર્ડ આગામી છ મહિનામાં એક્સપાયર થવાના છે, તે તમામ કાર્ડધારકોની યાદી અગાઉથી તૈયાર કરવામાં આવી છે. આ યાદી જિલ્લાના દરેક ગામમાં આપવામાં આવશે. જેથી લાભાર્થીઓને અગાઉથી જ જાણ કરીને આવકનો દાખલો કઢાવીને સમયસર આયુષ્યમાન કાર્ડ રિન્યૂ કરવાની કામગીરી થઈ શકે. આ માટે તેમણે જનપ્રતિનિધિઓને આ કામગીરીમાં સક્રિય યોગદાન આપવા અપીલ કરી હતી. આ તકે જામકંડોરણા ખાતે સ્થાનિક ધારાસભ્ય શ્રી જયેશ રાદડિયા, અગ્રણી શ્રી અલ્પેશ ઢોલરિયા જ્યારે ગોંડલ ખાતેના કાર્યક્રમમાં અગ્રણી શ્રી જ્યોતિરાદિત્યસિંહ જાડેજા, જિલ્લા પંચાયત ઉપપ્રમુખ શ્રી સામતભાઈ બાંભવા, ગોંડલ તાલુકા પંચાયત પ્રમુખ શ્રી ભરતભાઈ ઢોલરિયા તેમજ જિલ્લા કલેક્ટરશ્રી ડૉ. ઓમ પ્રકાશ, જિલ્લા વિકાસ અધિકારી શ્રી અનંદુ સુરેશ ગોવિંદ, જિલ્લા પોલીસ વડા શ્રી વિજયસિંહ ગુર્જર, નિવાસી અધિક કલેક્ટર શ્રી જે.એચ. બારોટ, પ્રાંત અધિકારી શ્રી નાગાજણ તરખલા તથા શ્રી રાહુલ ખાંભરા સહિત પંચાયતી રાજ સંસ્થાઓના તમામ સ્થાનિક જનપ્રતિનિધિઓ હાજર રહ્યા હતા.

•Printer/Publisher/Owner & Editor : Mahesh N. Patel. •Printed At :- Capital Offset Plot No L 801/1, Gidc, Sector -28, Gandhinagar •Published - At A-3, Plot No R-13, Tanishq Complex, New Greencity, Sector -26, Gandhinagar (Gujarat) 382028